શિવમાળ પ્રબંધ.

અમદાવાદ આર્યોદય પ્રેસ.

જટિલપ્રાણ પદબંધ.

Then press unto thy breast this pledge of love;
And know, though time may change and years
may roll,
Each floweret gathered in my heart
It consecrates to thine.

Shelley.

મુલ્ય રૂ ૦—૧૨—૦

ગ્રન્થસ્વામિત્વ કર્તાને.

ફિર શૃંગારી વનતણો, ચંદ્રહૃદયનો જેહ,
ચિત્ર ખરૂં આપે વળી, રસિક કવીતે તેહ.
સ્વભાવ ગુણ ચિતર્યા જહાં, વિધાને રિત ભાત,
જગલીલા જોસ્સા તહાં, ઉત્તમ કવિતા જાત.
લાડી લડાઈ લાવિને, કરિ કવિતા જો હોય,
તો તો સઘળું શોભતું, રંગરસે જન જોય.

કવિ નર્મદાશંકર—કુસુદચંદ પ્રેમપત્રિકા.

ગીતિ.

તન મન ધનને અરપ્યું છે-મ્હને આપ્યો હૃદયશું વિશ્રામ,
તો અરપું લો તમને મિત્રદ્વય! આ ગ્રંથ જટિલપ્રાણ.

પ્રસ્તાવના.

કવિતા એટલે રાગ કાઢી ગવાતી શબ્દરચના એ શુષ્કવ્યાખ્યાને અનુમોદી ગૃહવ્યવહારની સાધારણ વાણીને પદ્યકળાથી દૂષિત કરતાં કરતાં આ સ્વરૂપ સુધી પદબંધની હદ આણી છે. ગુજરાતી ભાષામાં કાવ્યશાસ્ત્રના ગ્રંથની ખોડ, અને જૂજ જેવા તેવા હોય તે પણ સંભાળથી વાંચવાનુ આલસ્ય એટલે પીંગળ દોષથી મુક્તિ તો હોયજ કેમ? પરન્તુ કવિ નર્મદાશંકરનાં કાવ્યમાં મ્હારૂં લક્ષપૂર્વક અવલોકન જોઇ, તથા પુજ્ય નવલરામભાઇની રસભરી ટીકાઓ વાંચવાનો અભ્યાસ તપાસી, મ્હારા મિત્રજનોએ કંઇક ન્યાય બુદ્ધિએ તો કંઇક પક્ષપાતે મ્હારા પદબંધમાં સુઘટતા રસિકતા મધુરતા જોઇ. તાત્પર્ય કે એમના આગ્રહથી આ ગ્રંથ પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે. આમ કરીને મેં બે લાભપર વિશેષ દ્રષ્ટિ રાખી છે; એકતો એ જે જેને વાસ્તે આ ગ્રંથ પ્રસિદ્ધ થાય છે એમનો પ્યારતો આ બાળગ્રંથે આગાઉથીજ મેળવ્યોછે, અને બીજો એ જે કવિતાના આ સ્વરૂપને વિદ્વાન ટીકાકારો કયા રસ્તામાં દોરી લઇજવા ભલામણ કરે છે તે જાણીલેવું કે હવે પછી સુધારો થઈ શકે.

બાકી જ્યાં એક બાજુએ 'પ્રેમજીવન'નો' કર્તા કવિતાને તત્વજ્ઞાનનો રંગ આપી ગુર્જરપ્રજાને ગૂઢચમત્કારથી પોતાની અપૂર્વતાનો કેફ ચઢાવેછે, જ્યાં રા. રા. 'ધ્રુવ' કવિતાને ઉચ્ચગ્રાહી માધુર્ય ભરી રસપૂર્ણા બનાવી સહૃદયને અનેક ભાવનાના તરંગથી ભીંજવીદેછે, જ્યાં

નડિયાદવાસી 'બાલ,' કવિતાને રસમસ્ત મદમાતી 'બનાવી વાચક વર્ગને પોતાના કાવ્યજેવા મસ્તાન ઘેલા બનાવે છે, અને જ્યાં 'કુસુમ-માળાનો' કર્ત્તા કવિતાને આનંદનો રંગ આપી પાશ્ચાત્યકાવ્ય દેવીના ઝળહળતા ભૂષણુથી આચ્છાદિત કરી સાક્ષર વર્ગની ચક્ષુને અદ્ભૂ-તતામાં ઝંખવીનાંખે છે ત્યાં મ્હારાસમાન અર્ધદગ્ધને માન મેળવ-વાની આશા કદાપિ હોય તોપણુ તે કયે જન્મારે પૂરી પડવાની? હુંતો એમ સમજુંછું જે આવા સમયમાં જો વિદ્વાન વર્ગ આ બાળગ્રંથને એમનું શરણુ ખોળતો જોઇ પીઠ થાપડી, ઉત્તેજિત કરેતો કંઈ ન્યૂન નહિ ગણાય.

જી. લ. દવે.

बालप्रयाण.

પળે પરદેશ ઓ દિલદાર! બાલુડા!
થશે શા હાલ? છું કુગાર બાલુડા! ટેક.
પઠાવ'તાં વિદેશે આ ભરાયે ઉર;
થશે રે! કોણ રક્ષાહાર? બાલુડા! પળે. ૧
ગધુરૂં રૂપ કુંળું ત્હારૂં ન દેખાતાં;
હવે વ્હેવુંજ નેત્રે વાર! બાલુડા! પળે. ૨
પ્રભુ ન્હેશે સદા સ્હાયે, તું સાચવજે;
અહો જગ સ્વાર્થનો વ્યવહાર! બાલુડા! પળે. ૩
શીખો ન્હેજે, સદા રહેજે કહ્યું કહે તે;
ગુરૂજન કોઇ આણી પ્યાર. બાલુડા! પળે. ૪
વધારી યશ, ઉત્સાહે પઠવજે પ્રેમ;
પ્રતિ દિને તું પત્રદ્વાર. બાલુડા! પળે. ૫
છે બાળો તોય તું સમજુ અને શાણો;
વહે તોયે શું અશ્રુધાર? બાલુડા! પળે. ૬
ન્હદયશું ચાંપું તે આશિષ દે ઉંડી;
થશે ત્હારો સદા જયકાર. બાલુડા! પળે. ૭

---

૧ રા—સુનો ઓ દિલદાર ગુલરૂકસાર જાને ગન,—ખાનદાને હાગાન

જટિલપ્રાણ પદબંધ.

મંગલાચરણ.

ગીતિ.

શિવકર શિવદર્શન હો વિજયસુખી ઉમયાગાતા સાવે;
જેણે આસન લીધું યોગ મહેચ્છુ શિવાંકને માથે. ૧

શિવસ્તવન.

તોટક.

ગિરિરાજસુતા શરીરાર્ધહરા,
શિરમાં રહિ ગંગ સુનૃત્યવરા;
તદપિ યતિ નામ રહ્યું જગમાં,
નમું તે પ્રભુના પદપંકજમાં. ૧
ભરિ દેહ ચિતારજ, ભૂતપતિ,
શગશીપનિ માળ ગળે લટકી;
જગ મંગલદાયિ અમંગળમાં,
નમું તે પ્રભુના પદપંકજમાં. ૨
ત્રિપુરાસુરથી સુરભીતિ હરી,
રતિના પતિની અયિ ભસ્મ કરી;
ધર્યું કંઠ હલાહલ—એ ગહતા,
નમું તે પ્રભુના પદપંકજમાં. ૩
ભયહારિ તથાપિ સભીતિ રહે,

વિભુથી વિધિ યજ્ઞતણી હજુએ;
ધરિ યાદ પ્રજાપતિ સંકટમાં,
નમું તે પ્રભુના પદપંકજમાં. ૪
જગજીવન, વૃત્તિ કપાલિ અહા!
કર કંઠ ધર્યા વળિ સર્પ મહા,
જગધ્યેય તથાપિ સધ્યાન સદા,
નમું તે પ્રભુના પદપંકજમાં. ૫

कुमुदीनो चंद.

૧

ઉદધિ થકી ઉપજાવિઓ! ફેંક્યો મને આકાશમાં
પિતા ઝુરે ઝુરૂં હુંએ—એમાં વિધિ આનંદશો?
શોભત હું ષોડશ અંગથી કાપ્યું ધર્યું શિવ મસ્તકે,
અગ્નિ બર્યે નેત્રે જળે! એમાં ભલા આનંદશો?
ફેંક્યો મને છેદ્યો મને, ભ્રમણે ચડાવ્યો વિશ્વને;
એવોય દેખું સૂર્યથી! એવો દયા હિણુ છંદશો?
ફેંક્યો મને તો વિયતા કાંના નર્કના મ્હા ગર્તમાં?
અદૃશ્ય મુજ પ્રિય સાથથી એમાં વચ્ચો પ્રતિબંધ શો?
ચીરા કરી અણુઅલ્પ, ભૂનભયોગ ઓળંગાવિદે:
દેખાવું ના ન દઝાડવાં, નિર્દય થયો કૃતિમંદ શો?
કૃતિમંદ હો; વૃત્તિમંદ હો; ગણુના નએ આ ચિત્તને.
હું પ્રેમ વિરાગે મહા મસ્તાન, તો મનભંગ શો?

પણ વાયુ લહરી સાથ રમતી, નાચતી અતિ હર્ષથી,
કંઠે નમેલ કુમુદીતો શશિને હવે મન ભંગ શો?
ઘેલી કુમુદિ! કોણ હૂતું? મુજ દુખે દુખી શું બને?
હું તુજ, તું મુજ, વિધિયોગે, એ ફર્યો તો બંધ શો?

૨

છોડે કુમુદી બંધ તો આ જીવ ક્યાં ઠરે?
સુધા કરી પરી, વીખને મન મૂર્ખ કાં ગ્રહે!
છોડે કુમુદી બંધતો આ જીવ ક્યાં ઠરે?
હહા! તાતના વિલાપથી દીલ દાઝતું રહે,
વિના કુમુદીગાન આશ્રુતિશોક કો હરે? છોડે.
રૂચ્યાં ન સ્પર્શભેટસુખ વિધિ ક્રૂરનો!
જતાં કટાક્ષ એક, નેત્રપ્રેમ ક્યાં સરે? છોડે.
જે બંધથી સજીવ દેહ, તેજ વીખરે,
દુખાબ્ધિમાં ડુબેલ જીવ શા થકી તરે? છોડે.
વસ્યો કુમુદીચિત્ત તોય કષ્ટ જીવવું?
તજે કુમુદી! દુઃખી દીલ ક્યાં જઇ રડે? છોડે.
હા! હું મૂર્ખ! હા! હું હણાયો, હા! હું હણાઉં આ કર્યે;
પેખું કુમુદીદૈન્ય, તો અધિ દુઃખ શું દીસે? છોડે.
રગે રગે વિષવ્યાપ્ત હો, પ્રતિરોમ અગ્નિ હો;
પણ દૈન્ય એ મુજ દુઃખથી! છો બંધ વીખરે— છોડે.

૩

છોડીદે છોડીદે જીગરથી કહું છું છોડીદે,

પ્રેમી! પરતંત્ર હું છું, આશ મ્હારી છોડીદે. છોડીદે.
કુંળી પ્રેમી કુમુદિ! કાં તપે વૃતે વૃથા,
હું વાદળીએ ગ્રહાયો ચંદ્ર આશ છોડીદે. છોડીદે.
ફીકો પીળો મુઝાઉં, ધિક્ક હા! પરાધીની;
ઘેલી! હું અશર્ણ્યતું શું શર્ણ્ું? મોહ છોડીદે. છોડીદે.
લીલી સાડી સજી ફૂદે રમે સખી સહુ,
મ્હારે મોહે ચઢી તું રોય! ભુંડી! છોડીદે. છોડીદે.
નમેલ કંઠ, વ્યગ્રચિત્ત, અશ્ર આંખમાં,
જોઉં પણ લોહી શકું નાંહિ! પ્યારિ! છોડીદ. છોડીદે.
અતિ ઊંડો આ રૂઝે કેમ ઘા વિયોગનો?
જુરી મર ત્યાં તું, જ્યાં હું, હાય! એવું છોડીદે. છોડીદે.
કુંળી કરમાઇ, જીગરપ્રેમ પ્રેમી! ના તજ્યો,
તજીદે, તજીને જીવ ક્યાંઇ બીજે જોડીદે. છોડીદે.

૪

દુઃખ ના વસે આ દીલ દુઃખ ના વસે,
કુમુદી સુખિણી થશે–દીલ દુઃખના વસે. દુઃખ.
એ પ્રિયા ગુણગાન ધુની લાગી આ શિરે,
ધુનીમાં મસ્તાન હું, દુઃખગમ્યતા શીછે? દુઃખ.
નાખતી સુકટાક્ષ દેતી ઓષ્ઠ ચુમ્બને,
બુઝી પ્રગટે ઘડી ઘડી, વિરહવ્યથા શીછે? દુઃખ.
ચુમ્બવા આલિંગવા ઝુરૂં ક્ષણે ક્ષણે,

કુમુદી અરથે ગઈ આનદહાની શે? દુઃખ.
એ પ્રિયાથી દુઃખ પણ પ્રાણાધિ પ્રિય છે,
સુખિણી દેખી ન કાં આનંદ આ વધે? દુઃખ.
પ્રણમું યાચું પ્રિયે! આ બંધ છોડીદે,
(પણ] પ્રેમની દ્રઢગ્રંથીગુંથ્યો કેમ છૂટશે? દુઃખ.
જન્મી પરણી પિતા પ્રિયાને દુઃખમાં ધર્યા,
ક્રૂરહતભાગી થકી શું અન્ય રે! બને? દુઃખ.
પ્રેમની પૂરી પ્રતીતિ દુઃખ આ લવે,
ઈન્દુવિણ કુમુદી કુમુદીવિના ન ઇન્દુ -હે. દુઃખ.

૫

છોડી છોડાય નહી, એ ન જોડી જોડાય ક્યાંઈ,
કુમુદેચંદ, ચંદે આ કુમુદી જોડી તે. છોડી.
ઝુર્યો, ઝુરીશ, ઝુરૂં ને સહું, સહીશ દુઃખો;
વિયોગે ભસ્મ તોએ ચિત્ત ચોંટી ન્હોડીતે. છોડી.
અરે! ઓ! મુર્ખ ઘેલા ભૃંગ! શું ગુંજેછ આંહી?
ગણે નહિ પ્રેમ, પ્રેમે સાથ મ્હારી હોડી તે. છોડી.
પ્રયત્નો વ્યર્થ વ્યર્થ, શાન્ત થા ચકોરી તું;
તું આથ આંખ નહિ આ, એ કુમુદે કહોડી છે. છોડી.
ગહી આકાશ ક્યાં? હું ક્યાં? અને કુમુદી ક્યાં;
નિસર્ગે પ્રેમગ્રંથી, કેમ છૂટે છોડી તે? છોડી.
ગરૂં, કે દગ્ધ થાઉં, કે વિકીર્ણ ભસ્મ -હે;

કણો એ ખોળશે કુમુદીસ્હોડ દોડીને. છોડી.
ઘડી એક છોડ પ્રિયાને નિહાળું આંખ ઠારૂં;
પછી દગજે તું વાદળિ રે ઘડીતો છોડીદે. છોડી.

૬

ઘેલી હો ઘેલી વાદળિ અહિત આ અહિતરે!
અહિત આ અહિતરે! અનિષ્ઠ આ શું આદરે?
ન પ્રેમ નેમ દિવ્ય તે આચાર આ થકી ડરે. ઘેલી.
એક પ્રેમથી જડેલ, એક તત્વમાં ઘડેલ;
એક જીવ થઈ રહેલ, જીવ કયાંઇ કયાં જશે? ઘેલી.
દબાવ હુંને, દબાવ તું, દબાવ સ્હસ્ત્રધા હજુ;
પરન્તુ પ્રાણપ્યારીને શું વારિઓઘથી ભરે? ઘેલી.
ડુબી જશે, મરી જશે, તણાઈ એ જળે જશે;
એ જીવગાં વસેલ જીવ, બાપડાનું શું થશે? ઘેલી.
શું થશે મરી જશે: વિવર્ણ દેહ આ થશે;
ફરી કુમુદી જીવતાં દ્રગામૃતે જીવાડશે. ઘેલી.

૭

દીલભર દીલ લાગ્યા વિના ખેંચ્યા થકી કહે શું બને?
દીલબેદીલી થયે પછી રેવુંજ પસ્તાવું અને. દીલ.
તું અનિલાધાર, ત્હારે પ્રેગ સાથે શી પડી!
પ્રેમ ને પરતંત્રતાને બે ઘડીએ ના બને. દીલ.
ભૂમીથી નભમાં ચ્હડી, ગિરિશૃંગશૃંગે આખડી;

અનેકશું અપવિત્ર થઇ એ ભમાવશે શું ચંદને !! દીલ.
કયાં કુમુદી સુગુણ શ્રેષ્ઠા? કયાં પતિતા વાદળી?
બુદ્ધી હીણુજ વાદળી ને કુમુદી સરખાં ગણે. દીલ.
ચંદ તે કુમુદી તણો, નહીં વાદળી ભણી તે વળે;
શીતથા કે ચંડથા ઘેલિ! ઘેલછા તજી શાન્ત ન્હે દીલ.

૮

હરિણી.

વિધિ બદલતાં ક્રુરાત્માએ પ્રિયે! હણુશે તને—
મુજ ન્હદયના દીલાસાને પછી મુજ શી વલે?
ગદગદિત આ આળું કાપ્યું સહ્યું ન જશે કયમે.
કુગર્દી દીલનો ગંધગ્રાહી વહે નહિ વાયુ એ!
ન્હદય! પ્રણમી લે પ્રિયાને, સુભાગ્ય તહારૂં છે
અકથ દુખના બંધે બાંધ્યો શુ દેહ કરી શકે?
ઉચકિ મુખને કોદી નાખ્યું પ્રિયામુખ ચુમ્બને!
શરણ પડતું આજે નહિએ જળે પ્રતિબિમ્બતે!!
અરથિ ભ્રમરો આવે પાસે ચટુ પટુ ગુંઝતા,
વિહગપતિ હંસો તે આવે ઘડી ઘડિ નાચતા;
તજિ સરવને ગ્રીવા ધારી અભિગમ માહરી
મુજ કરમના પાપી પુંજે જશે પ્રિય તું મરી !!
વિહગપતિ! ઓ! હંસો! ઓ! ને ચકોરિ! સહુ મળી,
મુજ શરીરને ભક્ષી જાઓ ખણી ખણિ કોતરી.

નિરદયપરે આ શી દ્રષ્ટિ દયાભર કુંગળી;
ન તમ નહિ જે પોતાનું એ સુકાર્ય શકયું કરી?
અસહ્ વચનો પ્રેર્યાં આવાં જડાંગોની જીભને,
અવયવ સહૂ ફેંકયાં ક્રોધે ક્ષયાગ્નિ વિષે બળે,
અહહ! અરપ્યાં સંબંધી સૌ ગહા વિષ જાળમાં;
ધિક! -હૃદયરે! ફાટયું કાંના વિભાગ હજારમાં?
વિકળ વિલપે શું? પ્રેમાંગી પ્રિયા સમજે સહુ;
વિકળ વિલપે શું? પ્રેમાંશી! પડયું ભર મોહશું?
વિરમ, નયને આંસુ ચાલ્યાં, વળી અવધિ હવે;
શશી કુમુદીને એવું ભાગ્યે, ન એ વિલપે ટળે,

૬

દિણ્ડી.

બની ઠની પ્રકાસિ વાદળી વિલાસી,
મોહ મૂઢ પ્રેમ શું શકે તકાસી?
સુભગ વિયતમાં વસાવી શ્યામતાશી?
શકે કૃષ્ણમૂર્તિ ક્રોધમાં વિકાસી;
વિયતમાં વિહાર વીજળી કરેછે,
ગભીર ગર્જના મૃદંગસૂર દેછે;
મયૂર મુખથી સુગાન ઉચ્ચરે છે,
સુનૃત્યકાર કોઇ શું ખમા ખડી છે;
ધસી ધસી શશીશું ગાઢભેટ દેછે?

ઘડી ઘડી વળી સુ ચુમ્બનો કરેછે;
વિપુલ પાત્ર પ્રેમ ખેંચવા ધરેછે,
ન તદપિ ચંદ્ર વિકૃતિ ભણી વળે છે;
અદ્રશ્ય થઇ ગયો શશી સખિન્નતાએ,
અશુચિથી ડરી શુચિ નિસર્ગતા એ;
કર્યો પ્રણામ છેલ્લી વારનો પ્રિયાને,
અસહ્ય વિપકટુ વિયોગ પ્રેમીજનને.
ઘશી ખીજનઇ વાદળી કુમુદી શિરે,
ડુબી, ગરી, તણાઇ વારિઓઘથીએ,
થયો ગતાયુ શશી તત્ક્ષણે પવિત્ર,
પ્રેમી પ્રેમ રીતિ ગતિ સૌ વિચિત્ર.

૧૦

વિરમી વિરમી વાદળી નિરન્તર પ્રયાસે,
દ્રઢીભૂત પ્રેમ ડગગગ્યો ન મોહપાસે. વિરમી.
શમી ગભીર ગર્જના, શમ્યો તડિદ્ વિલાસે;
શમ્યું મયૂર ગાન, ડગે જેથી સ્ત્રી ગુમાને. વિરમી.
પર્યો અનિલ, વાદળી વિખેરી ચોદિશાએ;
સ્ફુરી કુમુદી, જન્મીજે શશીશું ભોગ ચાહે. વિરમી.
પ્રસન્ન નભ,નદી, સરો, પ્રસન્ન પુષ્પ વાએ;
પ્રસન્ન મૃગ મૃગી રમે, ગુહા તજી સદાએ, વિરમી.
કુમુદી ગર્ણથી વિવર્ણ, શબરૂપે નિશાએ;

પ્રકાશ તો શશી ધનાંકમાં કદા કદા તે, વિરમી.
કુમુદી નયન અમૃતે સજીવ પૂર્ણતાએ;
કુમુદી શશી બેઉએ વિલાસશે મઝાએ. વિરમી.

૧૧

પદ.

પ્રચંડ ગજરાજ પ્રિયાને, પ્રિયા ગજને દે સુગંધિ;
વારિની સુંઢ ભરી ભરી, સ્વાદ મધુર પવિત્ર. પ્રેમનો સ્વાદ.
ચક્રવાક પતિ પત્નિ રડાવે નિશિ સમયે નદી તટ એ;
નિરખવું એહ હાર હરિ! પાન વિયોગ વિષ પૂર્ણ. પ્રેમનું પાન.
પ્રાણ તજે શશી કુમુદી મરણથી, ચકલ અગલ અચલીત;
પ્રેમનો વ્હેજ સરી સરિ! અદ્‌ભુત કેફ અનૂપ. પ્રેમનો અદ્‌ભુત.
પ્રિય પતિને ફરી જન્મ થતામાં એજ જીવાડે કુમુદી,
આગીએ વિષ નહીં નહીં ભોગ વિચિત્ર પવિત્ર. પ્રેમનો ભોગ.

प्रियास्मरण.

વસંત તિલિકા.

જેના મુખેન્દુપર લોભિત હું ચકોર,
જેના સુનેત્રકમલાશ્રિત હું દ્વીરેફ;
જેના સુધાધર પરે મુજ જીવ સારૂં,
તે પ્યારી કેમ કરિને પલકે વિસારૂં? ૧
જેના ગુલાબ સુરખી ભર લાલ ગાલ,
જેને સુકોમલશ્રીથી ગણું હું મૃણાલ;

જે સાથ હંસસમ નેહ સદૈવ ધારૂં,
તે પ્યારી કેમ કરિને પલકે વિસારૂં ? ૨
જેની ઉરે જીવન સાથ સદૈવ મ્હારૂં,
જેના વિલાસપર કોટિક કર્મ વારૂં:
જેના થવા ભુશરલક્ષ્યજ હેત મ્હારૂં,
તે પ્યારી કેમ કરિને પલકે વિસારૂં ? ૩
મૃગી સમાન નિરખે શિ વિચિત્ર ઘેલી,
વેલી પૂજે લચતિ તેમ સ્તને નમેલી;
શાન્તા ચકીત પ્રમદા સુખદાયી ચારૂં,
તે પ્યારી કેમ કરિને પલકે વિસારૂં ? ૪
હાથી પ્રમત્ત સમ જે ગતિએ કરીને,
પ્રત્યેક ન્યાસથકિ મોહ પ્રસારતી -હે;
જે કોકિલા સ્વરથિ ચોરતિ ચિત્ત મ્હારૂં,
તે પ્યારી કેમ કરિને પલકે વિસારૂં ? ૫
જેનું કૃષોદર તથા કટિ ક્ષામ દેખી,
સેવે અરણ્ય સિંહ સૌ શરમીંદગીથી;
જંઘા શિ કાન્તિમય કેળ શું આ વીચારૂં,
તે પ્યારી કેમ કરિને પલકે વિસારૂં ? ૬
જો કે નિહાળું હરિ આંખથિ રાત્રિ દિન,
પામું ન તૃપ્તિ દીલથી તદપિ કદી ન;
તેનો વિયોગ ક્ષત કેમ કરી સમારૂં!

તે પ્યારી કેમ કરિને પલકે વિસારૂં ? ૭
જેની વિહારગત ભાવ ભરેલ વાણી,
ઠંડાં સુખાળ ઘનનાં જળ બિન્દુ જાણી;
પાનાર્થે ચાતક ઉંચું મુખ હું પ્રસારૂં,
તે પ્યારી કેમ કરિને પલકે વિસારૂં ? ૮
ઘેલી ઘડીક ઘડિ શાણી ઘડીક મુગ્ધા,
વાચાળ શાન્ત ઘડિમાં ઘડિમાં વિદગ્ધા;
ધારે અનૂપ બહુ રૂપ વિચિત્ર, વારૂ,
તે પ્યારી કેમ કરિને પલકે વિસારૂં ? ૯
શીઠાં વિનોદભાર નર્મ રસાળ વાક્ય,
શાં પ્રેમ! પ્રેમીસહ માહરૂં શું સુભાગ્ય?
વિચારૂં ગાઉં બલિહારી, દિનો ગુજારૂં,
તે પ્યારી કેમ કરિને પલકે વિસારૂં? ૧૦
ક્યારેક માન ધરિ માનિની જો રિસાવી,
માયે પડેલ પ્રણયી પછિથી મનાવી;
પીતો હું પ્રેમપય કષ્ટવિદારનારૂં,
તે પ્યારી કેમ કરિને પલકે વિસારૂં ? ૧૧
શા ચુમ્બનાદિ ઉપચાર વિધિ વિધિના,
દ્વીધા ત્રિધા ચતુરધા શતધા અધીરા?
રે મેં રિઝાવ્યું દીલ જેથિ સદાય મ્હારૂં
તે પ્યારી કેમ કરિને પલકે વિસારૂં? ૧૨

રોગપ્રશાન્ત ઢીલી ગાલ નમાવિ સ્કન્ધે,
આરામ લેતી કુંળી ચાંદનીને નિહાળે;
એ ભોજ્યભોગ હીણુ આ તન છે અકારૂં,
તે પ્યારી કેમ કરિને પલકે વિસારૂં? ૧૩

નીદ્રા ભર્યું હસતું મુખડું ચંદ્ર ખીલ્યું,
સંભાળ રાખિ ત્વરતા તજિ ચુમ્બતો હું;
આનંદ મોહભર ચિત્ત રગાડનારૂં,
તે પ્યારી કેમ કરિને પલકે વિસારૂં ? ૧૪

જોયાં નદી, સર, અને વન, કુંઝ, વૃક્ષ,
જોઈ ખિલી કુદરતી ખુબીઓ સમસ્ત;
કોઈ ન કામિની સમું ચિત ચોરનારૂં,
તે પ્યારી કેમ કરિને પલકે વિસારૂં ? ૧૫

ઘેલો ગણાઉં જગમાં તદપિ શું તેથી?
ઘેલો છું હા ચિતડું પ્યારી વિષે ગયેથી.
દાખીશ લાગતું ભલે જગ કર્ણ ખારૂં,
હા! પ્યારી કેમ કરિને પલકે વિસારૂં ? ૧૬

प्रियाविरह.

વસંત તિલિકા.

દૈવે પરાઙ્મુખ થઈ સુખ માનતું-હે,
ને બન્ધુ રત્ન સ્વર્ગપ્રતિ સંચર્યુ છે;
કોને નિવેદન કરૂં દુખિ આ અવસ્થા ?

ને કોણુ આધિ મધુરાં વચને શમાવે ! ૧
આવંતિ હાસ્યસહ જે વિનયે હુંપાસે,
નેત્રાવલોક સ્મરના સચિવો સહીત;
તે આજ મંજુ રચના વચનોથિ બાલે !
કહે કેમ લેશ પણુ શાન્તિ પમાડ નાંહિ ! ૨
સર્વે ગયાં વિષય વિસ્મૃતિગતં મારે,
વિદ્યા થઈ વિમુખ પ્રાપ્ત શ્રમે કરી તે;
એ એકલી હૃદયથી અધિદેવતાશું,
જાતી નથી હરિણુબાળકનેત્રવાળી. ૩
નિર્વાણુ મંગળપદે જઇને દયાળુ !
છોડી દયા પણ ત્વરાથિ ગમ્યું તને એ ?
કે ભામિનિ ! મુજ ગમે નવ પ્રેર એકે,
નીલારવિન્દમદભંજક તે કટાક્ષો. ૪
ધારી પદસ્ખલન ભીતિ થકી વિવાહે,
મ્હારો સુબાહુ, મ્હડિતી તહિં બાજડે જે;
તે આજ સ્વર્ગ ગઇ શું તજિને મનેરે ?
ચીરાય છે હૃદય આ શતધા હવેનો. ૫
નિર્દૂષણા, ગુણવતી, રસભાવપૂર્ણા,
સાલંકૃતિ, શ્રવણમંગળવર્ણરાજિ;
રામા મનોહર મહારી સુકાવ્ય જેવી,
તે થાય કેમ હૃદયે વસિ તે વસી ના ! ૬

જ્યાંથી પ્રિયે ! અહિં થકી જતિ તું રહીછું,
ત્યાંથી સમી સકળ ચિન્ત સરોરૂહોની;
ત્યાંથી ધરી અસગ કાન્તિ જ ઇન્દુબિમ્બે,
ને ઊછળે કલકલાટજ કેકિલાનો. ૭
આપી કંઈક દિન ભોગ ગહેન્દ્ર જેવા,
વિદ્યુદ્વિલાસ સમ આમ ત્વરા કરીને;
ચાલી ગઈ, તજિ મને હતભાગિઆને,
મન્ત્રૌઢીણા નૃપતિને જયમ રાજ્યલક્ષ્મી. ૮
કોઈક મુજ વિલસિતથિ કોપ કેરે,
શું તું થઇ વશ ? અરે કરભોરૂ શામા !
કે આમ છોડિ સહસા ગઇ સ્વર્ગ માંહે;
જે ઠામ મુક્તરમણીનું, પતિવ્રતા તું. ૯
આમૃતસાર સરખા તુજ તે વિલાસો,
કાવ્યાત્મ હોઇ મનમાં રમિ જે રહેતા;
તે વિણુ કેમ બનશે રમણીયશાસ્ત્રે !
રૂપાળી ચિત્તહર માહરી કહે કવિતા ! ૧૦
રાકા વડે વિભવ લક્ષ્મીતણા હવે તે,
મ્હારો થતાં લય, અરે પ્રિય કાતરાક્ષિ !
જેનો પ્રકાશ મણુતા કવિઓ અસાર,
મ્હારા મધુર સ્મિતશોભિમુચાંદ આસે. ૧૧
મંદસ્મિતામૃત તણો અભિષેક ધારી,

ખીલેલ નેત્રકમળે કરતી પુજા જે;
તે નિત્ય મંગળમયી ગૃહદેવતા ને,
કામેશ્વરી હૃદયથી દયિતા ન જાય. ૧૨
આ લોકમાં "રમણી નાથ!" કહી સ્હડાવ્યો,
આકાશમાં, પ્રિય મનોહર વાણી બોલી,
સ્વર્ગે જઈ ધરણી ધૂલિ વિષે હવે કાં,
મૃગાક્ષિ! નિર્દય થઈ મુજને પછાડે!! ૧૩
લાવણ્ય ઉજ્વલ, અનૂપમ શીલતા ને,
વાણી વિલક્ષ વિનયો વળિ સાર્થનીતિ,
સૌ ગુણને કરિ અશર્ણ, તજી મને એ,
હા! હન્ત! સુંદરિ! ગઈ કયમ સ્વર્ગમાં તું? ૧૪
સોબાથિ સારિ ધુતિએ પરશુદ્ધિઓથી,
જાણી તિરસ્કરતિ આમ તણી શિખાને;
બાળી ધરી અતિશ કોપ શું અગ્નિ દેવે?
ધારી મનોહર છતા ન દયા અરેરે!! ૧૫
કર્પૂરવાટવત લોચનતાપહારી,
ખીલેલ પદ્મ સમ આગલસુખહેતુ;
ચાતુર્યપૂર્ણ કવિતાસમ ચિત્ત રમ્યા.
નમ્યા હતિ સ્ત્રિ સહુમાં જયમ હોય દેવી. ૧૬
સ્વપ્નેય ધારિ અભિલાષ ન ભામિનિ તેં,
કો અન્ય પુરૂષપરે કયમ આજ ત્યારે;

ચાલી ગઇ શરણ ધાર્યું પ્રિયે! અરે! ત,
તે નિત્ય નિર્ગુણ બ્રહ્મ-પરબ્રહ્મ સાથે! ૧૭
એ રીતિ, વાણી અમીને વરસાવનારી,
આકાર કારીગર ઉત્તમનેય ધન્ય,
એ કૃત્ય તુજ અમીનાં રસપૂર્ણ એવાં
એનાં વખાણ કરતાં રસ કેમ નાવે? ૧૮

જગન્નાથ—કરૂણ વિલાસ

મૃતપ્રિયાનો પ્રિયતમ.

ગરબી.

આ હું પૂરૂં દીવામાં તેલ, પરન્તુ શું તે થકી?
એ કંઇ ચાલશે? નહીંજ નહીં—જાગીશ હું ત્યાં સુધી.
ભર્યાં ઘેન મીંચાએ લોચન પરન્તુ ન નીંદ્રથી;
આહા! અપ્રતિહત ને સદૈવની ચિન્તા ગ્રસિત શી?
મ્હારે હૃદય વસ્યો છે સેતાન, મીંચું આંખ નિરખવા;
શાને જીવું, રહું ધારી વદન, વૃત્તિ, શ્વાસ જનનાં?
કહેછે જ્ઞાન ને મનન એ એક, ચિન્તા તુંએ મનન છે,
દેજે કંઇક ત્યારે મને જ્ઞાન જાસે જે ડાહ્યા વિષે.
ભૂલ્યો, જ્ઞાનનું શું છે કામ? જ્ઞાની રડતા રહે;
એને મ્હેવું ઘડીએ ગમે ન ફના જગના વિષે.
ઢુંઢી ઢુંઢી વળ્યો સહુ તત્વ, પરોવ્યું દીલ કુદરતે,
કર્યું સ્નાન વળી શાન્તિ અર્થ અદ્ભૂત ઝરણાં વિષે.

જે કંઇ જ્ઞાન જગતનું કહેવાય તેથી ન અજ્ઞાત હું,
ધારૂં તો નચવું એ સર્વ, પરન્તુ શા અર્થનું ?
પીધાં દીધાં સુખો જન માંહે, ગણે હજુ માગું તો,
હવે સુખનું શું મ્હારે કામ? ગળો એ કે ના ગળો.
ગાર્યા જીત્યા મેં શત્રુ અનેક, હજૂ શકિતમાન છું
સુખ દુઃખ કે શકિત અશકિતનું મ્હારે કામ શું !
એ સૌ સૈકત રાશિમાં મેઘ બિન્દુસમ આ દીલે
પેલી પળથી, જેનામ સંભારતાં આ દીલ કમકમે.
ન ગળે કશી ભીતિ, ન શાપથી એ દીલ આ ડરે,
ન ગળે કંઇ આશ, ન ઇચ્છા, ન પ્રેમ કશા વિષે.
ચમકાવતાં શુકન એનેકમાં અગણુ કર્યું, હવે
કર્તવ્ય તપાસ તું જીવ, બીજાનું શું કામ છે ?

દ્રુત વિલમ્બિત વૃત્ત.

હું થકિ ગન્ત્રિત સત્વ ગયાં તજી, અગધિ સાધિત ગન્ત્ર હસે ગને,
રિગિ રિગિ દુખ દેઇ પ્રયુકત એ, સહુ ઉપાય, ફર્યાં વિધિ આ સમે. ૧
અફળ વાર, વૃથા વિશવાસ શો ? ગતસગાનું ન જ્ઞાન સુસત્વને;
નગપરાક્રન થાય ન આ વિની, બવિ જાગવું તેથકિ અર્થ શો! ૨
જનનીપૃથ્વી, તમે શિશુ સૂર્યનાં ગયુખ, ઓ! ગિરિ શું સહુ ધારી-હો!
સુગમના સહુ વ્યર્થ તગારિ એ. નિરખિને ન ઠરે. મુજ લોચનો. ૩
નિશિસુનેત્ર શશિ! જન મોહના તુજ પ્રકાશ વૃથા દુખિ આ દીલે,
ઠરિ સુધા પણુ ઊષ્ણુ અભાગી હું, અહહ! શો વિપરીત વિયોગ તે ? ૪

સ્થિત શૃંગાન્ત થઈ નિરખું નિચે, પ્રબળ વ્હેન તીરે તરૂ છોડમાં;
અટકું કાં કરતાં નિશરાગ ત્યાં શયનમાં ગિરિના ખડકો ઉરે! ૫
કૂદું કદી હોલું કે લઉં શ્વાસ વા, સુખથી એ સુખદા સ્થિતિ પામું હું;
ટગટગે મનડું, પડું તોયના; કંઇક દુઃખ વસે ખસું તોયના. ૬
બાગતું ચિત્ત,—દઢીભુત ચણતો, કંઇક આ ઉરનું પડવા ન દે;
'જીવ તું જીવ તું'–હે સગજાવ તું, જીવતું વ્યર્થ શું સુખ ડુબી જતે! ૭
જીવતું ધારિ ઉદાસીન આતમા. જીવિ ડુબાનું શું જીવ તમાધમાં,
રચતું એક ન કાર્ય કરેલ મેં, અવધિ હા! અવધિવજિ પાપની. ૮

બાયરન—મેન્ફ્રેડ.

મૃતપ્રિયાના પ્રિયતમને.

ગઝલ.

તણાયો શોક ઊછાળે, ચીરાશે કો કરાડાએ.
અપીડિને પીડા નાંખી, રસીલાની રસીલી ગઈ.
અમી પાતાંજ વિષ પાઇ, હણ્યો હા! પ્રેમ પાપીએ. તણાયો.
પડ્યો જે પ્રેમને પાય, રસે બાંધ્યો મરી જાય,
ઇર્ષા-રસ પ્રેમ બન્ને એ, તૃષાએ ચિતડું સારે. તણાયો.
અરેરે! કો ન અત્યારે, ઝીલે આંસુ પ્રતિસારે,
મળે ભૂમી કઠણ સૂની, ગગનના ગોળ દૂર નાસે. તણાયો.
અદેખો વાયુ સુસ્વાટે હરે આશ્વાસ, કો આપે;
રહે વારિય અટ્ટહાસે ઉઘાડે દીલ કે ઠારે ? તણાયો.

ન લે મન કોઇ એ ત્હારી, સહુ સ્વચ્છંદ આચારી,
કહ્યું લાગે, પરન્તુ એ, વિધિ છાનો રહ્યો લાજે. તણાયો.
નહીં શક્તિ ગયેલી દઉં, નહીં શક્તિ પડેલી વહું,
વહી તોએ ન તુજ ઓછી, વૃથા ન્હે જીવ નિશ્વાસે. તણાયો.
રહે દાબ્યું ન, બહુ દાબ્યું; શમે જો આગ ઊથામ્યું;
અરેરે! પ્રેમનું પાનું વિષમ વિષથી ભર્યું ભાસે !! તણાયો.
ન સૂઝે ચિત્ત શે રીઝે, હૃદય માંહે હૃદય સીઝે,
હૃદય રસ આ હવે પીજે, જીવન હેતુ બને જો એ. તણાયો.

શશી અને નિશાનો વિલાસ.

ઇશ્ક જાગ યાગિની ચ્હડાવી, કેફ ગરત ગસ મ્હાલે,
વિધ વિધ કોમળ વનસ્પતિ સૌ, સુંદર સેજ બીછાવે,
વાયુ કંપિત તરૂવરે શાખા પુષ્પવાસ વરસાવે. ઇશ્ક.
મધુર રસીલું બુલબુલ ગાવે, ગિરિપર ધોધ બજાવે,
કુદરત ખીલી તું પણ ખીલી રંગણાગગનથી આવે. ઇશ્ક.
વિરહે પીળો પણ રંગીલો ઇન્દુ તુંગમ આવે,
એ દેખી ઊમંગી રંગી કાન્તિ કીર્ણ પ્રસરાવે. ઇશ્ક.
પેલોરે! પ્રેમાળ ચન્દ્ર મોહી તુજ રસમય ભાવે,
આલંબે કર દે આલિંગન મુખ પ્રફુલ્લ મલકાવે. ઇશ્ક.
અધરામૃત ચાખે ત્હારૂં એ, ધીરહીણ ત્વરતાએ;
પ્રેમ પાન કરતાં જો કંઇ કંઇ, ઓષધિપર છલકાવે. ઇશ્ક.

પ્રિય પ્રિયા પ્રેમાલ શૃંગારી રસબસ પ્રેમ નચાવે;
પ્રેમદોર પર નાચું નટ થઇ રે એ દિન ક્યમ નાવે! ઇ૦૬.

મુગ્ધાનો પતિ.

(શિખરિણી છંદ.)

ઝરાઓ સૂએ છે સરિ સરિ નદીની સહ સદા,
નદીઓ ઝૂકે સાગરશું સુખ આનંદ રતિમાં;
લપેટી અંગાંગે અનિલ વિચરે ગાયનધ્વનિ,
ન શાને ત્યારે હું રમું તુજશું પ્રીતિભર રતિ? ૧
કરી ઊંચી ગ્રીવા ગિરિ નિરખિ -હે વ્યોમસખિને,
પણે -લ્યો -લ્યો ઈન્દુ ઉદધિ હૃદયે પેસિ વિલસે,
ન ગાદાહીણો કો નર રહિ શકે, દૈવગતિ શી?
કુસુમોના તન્તુ પણ વળગિ -હે એકપરથી. ૨
સખી વ્યોમે સોંપ્યું સકળ ઉર સ્વામી ગિરિકને,
કટાક્ષો ફેંકીને ઉદધિ સખી મોહે શશી બરે;
સમો આવે ત્યારે ખુલિ કમળ ભૃંગે રતિ ચહે,
નિહાળે સો મુગ્ધો તદપિ સ્વર એકકે ન ઉચરે ૩
વિદગ્ધા જન્મેથી વિજળી રિઝવી -હે ધનપતિ,
મયૂરી ઝીલે છે અસૃણુ પતિનાં, પ્રેમ રસીલી;
વૃથા જન્માવર્તે પ્રતિવરસ -હે ચાતક સુખે,
અરે કંઇ કંઇ થાયે, નિરખિ સમજી એહવું પ્રિયે! ૪
અરે થાતું કંઇ તો, ઝરણ, સરિતા, ગાયન ધ્વનિ,
હવે તો થા કંઈ તું, વિયત ઉદધિ કે કમલિની;

માધુરી કે વર્ષા. બનિશ તુજ જેજે કહિશ તે,
તાર્યો તું પ્રેમે; તુજ પ્રીતિ વિના શું દીલ ચહે. ૫
શેલી પ્રેમ તત્વજ્ઞાન—મિશ્ર.

માનનીનો પતિ.

હઠે ભરાઈ માનિનિ! પડું જ પાય હું;
ન પ્રેમપૂતળી, ગુમાનપૂતળીજ તું. હઠે
મૃગાક્ષી મોહકારી, પ્રેમજ્ઞાન ત્યાં કશું?
ન મોહને સુપ્રેમ પ્રેમમાં કદી લહું. હઠે.
હું ભૃંગ ઠામ ઠામ પુષ્પવાસને નમું;
પરન્તુ પુષ્પ એકશું આ દીલ -હે વર્યું. હઠે.
શશી સુધા ભરેલ, વર્ષતો સુધા રહું;
પ્રતિસરે સુધા ન. ન્હોય ચંદ્રકાન્ત તું. હઠે.
ન એ તું, તેથિ શું? શશી સુધા સમાન આ;
પ્રતિસરી સરે ન એ ન પ્રેમી દીલમાં. હઠે.
અહો અભાગી જીવ! પ્રેમ જ્ઞાન ના વર્યું;
ન પ્રેમયોગ્ય તો દયાંજલિ અલે દઉં. હઠે.

વિલાસ પ્રિય પતિ.

ઘડી ઘડી સ્મૃતિ શું દે, સ્મૃતિ શું દે પ્રિયો એ.
મીઠી મીઠી લુપ્ત તોએ સ્મરણુ સ્મરણુ પ્રતિ;
ડહોળી દેતી દીલ પળ એ શું વિસરે? ઘડી ઘડી.

નીચી દ્રગ, ધપકતું ઉર, અધર ધરેલ;
પ્રેમનો પ્રબંધ મૂક, ક્રેમ વિસરે. ઘડી ઘડી.
તે તે સુકટાક્ષબાલ. તે તે માનિની સુદાવ;
તે તે રતિ મસ્તિ, એતો નાજ વિસરે. ઘડી ઘડી.
મસ્તિની પ્રશાન્તિ, ઈન્દ્રિ ઇન્દ્રિની વિશાન્તિ નીંદ;
પ્રેમનો સુધા પ્રસ્વેદ એવો ક્યાં મળે? ઘડી ઘડી.
અહા! શુદ્ધ પ્રેમી તેજ, મસ્તિની પ્રમસ્તિ માંહે;
તજે જીવ, ભાગ્ય એવું મ્હારૂં શું હશે? ઘડી ઘડી.

अधीर प्रियतम

ઘટમાં રહી રહી શું રહી ખટકી!
ચટકી બતાવીને શું ગઇ છટકી! ઘટમાં.
સુંદર વદન, શિરે ભરી મટુકી;
તટ નદીનું, ઘટ પીંપલ વટથી. ઘટમાં.
કૂજત કુંજે પ્રીતિભર પક્ષી;
હું કૂજું તુજ ભાવ વિલક્ષી. ઘટમાં.
ક્યાં એ પટપાલવ દીલ લટતો!
લટી રમી ગાનત સુખ હું રટતો. ઘટમાં.
સુસંગત સંગતિ સુખદાયી;
પટગત એ પણ નહિ સુખ! ભાવી! ઘટમાં.
હા! ધિક્ક! હા! ધિક્કા વચનની પત શી?

તન મન ધનમાંહે પટથી એ લટકી ? ઘટમાં.
ખટકી જાશે નહિ નહિ બહુ આશા;
લટજાર ગોરૂં બદન બતલાજા. ઘટમાં.

इन्दु अने इन्दु मुखी.

રોળા.

સખી સિન્ધુ અવિ આગ મસ્તિ કેફે ચ્હડિ ડોલે,
અહીં સખી બુલ્બુલ પ્રેમ મધુરે રવ બોલે;
મણે ચકોરી હૃષ્ટ હૃદય બહુ બહુ વિધ ખોલે,
અને કુમુદિની ચ્હડી નર્મ સુખને હીંદોળે. ૧
અહો ભાગ્ય માહરાં, વિયત આરૂઢ વિરાજું,
પ્રિયા રોહિણી સંહ, પરમ આનંદે લાડું;
અને ભીતરૂ કદી ભૂમિપર વાંછિ વિલાસ,
સખીરૂપ તૈયાર મળે સહુ વિના પ્રયાસ. ૨
વારૂ ! સર્વ એ અચ્છું ઇચ્છું સુખકું તો મ્હારે,
થતું હશે શું સખી સરવને મુજ અભાવે;
હશે સર્વ સંસાર કટૂ કંટાળો દેતો,
અને હશે શોકાગ્નિ સદા હૃદયે એને તો !! ૩
મસ્તિ કેફ નહિ તેહ, પછાડા તે મુજ અર્થે,
નહીં મધુર રવ તેહ, તેહ વિયોગજ જલ્પે;
નહીં હર્ષ, નહિ હોય સુખ્ય હીન્દોળ પણે એ.
સહુ આર્ત ઉર તણી દીન વાણીજ અરેરે ! ૪

સ્નેહીદૈન્યનું દુઃખ નિરખિ વિલાસ વિચારે
અરે! ધિક્કરે! ધિક્ક હૃદય કંઇ તો શરમારે!
સુણી ગંભીરૂં ગાન કરૂણ રસ પૂર્ણ પ્રેમીનું,
સહુ સ્નેહી સંભારિ હતું મુખ અશ્રુ ભીનું. ૫
વળી એમ મન થયું કેમ -હે આ અન્તરમાં?
તહાં નીંદ ભર્યું ઘેલું પ્રિયામુખ આવ્યું નજરમાં;
પ્રેમ ઘેલછા ભર્યું ગાન, સુખડું આ ઘેલું,
એ ઇન્દુ, આ ઇન્દુમુખી, એંધાણ અમૂલું. ૬
ભર્યો પ્રેમ ને સુઘટ થયો એ તુજ પ્રસંગે,
સૂતું સર્વે સુખ પ્રિયે! જાણું તવ ઉંકે;
સુખ દર્શન માત્રથી મળે આ શીખ અમૂલી,
કઉં અસે તો હવે ભરે ઊગળકે ચૂમી. ૭

प्रम कल्पना

ચંદા શીળી કુંળી અહીં, માધુરી સ્વચ્છંદાપણે,
મંદા વહેછે પવન લહરો અગાસિ ચુમ્બે વ્યોમને:
સુખ ચુમ્બતું શીળી અધર, નયનો રમે સ્વચ્છન્દમાં,
અવયવ પ્રફુલ્લિત અનિલથી, મનડું તરે આનંદમાં;
હે! જીવ! હે! આનંદ! સૂતા પ્રેમના પર્યંકશું,
તો વારશી? મેળાવિ દો આનંદ પરમાનંદશું.
આ સમયના, આ પ્રેમના, આ જ્ઞાન આ આનંદના,
આનંદ પ્રબળ બળે ભર્યું આ દીલડું ઊડે ન કાં?

જા દીસે ઊડી પૃથ્વીમાં શું મોહથી ન્હેઠે પડી ?
ભાનુ વિખૂટી મૂઢ એ ભાનુ પુઠે ભ્રમણે ચ્હડી;
ત્હારે પ્રિયા તુજ અંકમાં ભ્રમણે રહ્યા શું મૂઢ થઇ ?
ફૂટી જશે સંસાર ચુમ્બન ભેટમાં ચકચૂર રહિ.
આ અનિલને તકિએ ઉંચકવા કર પ્રસારે ચન્દ્રમા,
તો ચુમ્બતો ને ભેટતો પ્યારીસહે ત્યાં પ્હોંચિ જા.
રે ! પ્હોંચ, એવા સમયમાં લે ચિત્ર તુજ બ્હાદૂર કો
કે વર્ણવી રસપૂર્ણ જગ અદ્ભૂતમાં ડૂબાવિ દે.

શીલી ચંદા

શાર્દૂલ વિક્રિડિત.

ભેદી પૃથ્વી પટાન્ત બ્હાર ધસતી રંગીલી આનંદમાં,
ધીમું ધીમું હસી ચ્હડે વિયતમાં ખેલંતિ સ્વચ્છંદમાં,
રંગે ભૂમિ, જલાબ્ધિ, વ્યોમ સહુને આનંદના રંગમાં,
આપે વલ્લભ વલ્લભા રસિકને વિલાસ અંગાંગમાં. ૧
સૂવાડયો શ્રમ તેહ શ્રાન્ત થયલો શાન્તિ તણા અંકમાં,
ફૂંકી શાન્તિ અહા ! વળી સરવથા પ્રવૃત્તિના સંગમાં,
આ સુધા વરસી રહી ચકળ એ વાનસ્પતિ વૃંદમાં,
ગાએ ત્યાં યશ તાહરો સ્વર મહીં બુલ્બુલ બુલંદમાં. ૨
રે! ચંદા સખિ પૂછું કૌતુક ભર્યો પામી કયા પુણ્યથી,
માધુરી છબી, હર્ષ ને નવીનશી નિષ્કામ પ્રવૃત્તિ શ્રી?

ને વિરાગવિશેષ શાન્તિ ગૃહિ જે ન્હે છે દ્રડાલમ્બને,
ન્યૂનાધિક કળા રહે બદલતી તો એ રહે શોભતી. ૩
શું એ સત્ય ઘડી તને ઉદધિથી જે લૂણ રાશિ ભર્યો?
ક્યાં એ મસ્તિ પ્રમત્ત નાવ ગળતી! ને ત્હારી ક્યાં શીળતા!
કો મ્હા યોગીસમી સદા તુજ છબી આ દીલ આકર્ષતી,
પ્રવૃત્તિ જગની જુએ યદપિ એ હીણી ફિકી અંધ થઈ. ૪
આ આત્મા તુજને ભજે જગતથી અદભૂત મૂર્તિ લહી,
તો એને તુજ સારથી લગિરશી દેજે કૃપા દ્રષ્ટિથી;
યાચે એ તુજ શીળતા, નહિ નકી વ્યોમોન્નતિ પંક્તિને,
દે દે પ્રેમમદે ભરી રસિકડી દેહાન્ત સુર્તેય તે. ૫

વ્હાલેશ દીલ.

શિખરિણી.

વીત્યાં વર્ષો થોડાં, અડગ સુહૃદો આપણ હતા,
રહી લાંબી જારી, પ્રીતિ ડુંગરની બાળ વયમાં.
હવે તો જાણે છે—મુજ સમ પડ્યો તુંય લફરે;
પ્રીતિ ગાઢી ત્યાં વિસ્મરણ પણ ગાઢું થઇ રહ્યું. ૧
ખરે પ્રીતિ બાલ્યે શિથિલ કરતં ફેર સુચવે,
જશે ભૂસાઇ એ તદન, વીતતાં માસ દિન કે!
છતાં આવું શાને મુજ હૃદયનો શોક કનડે?
નહીં દોષો ત્હારા, જગતક્રમ જો એમ ખસડે. ૨
યથાબ્ધિ પાણીને, મનુજ હૃતિને ઓટ બારતી;

તરંગો તોફાની ભ્રગત ચિત, તેની શી પ્રતીતિ?
હવે બાલ્યાવસ્થા હરષભર તે શા અરથની?
વસંતી—બાળી તે મુજ—તુજ વીતી આયુરવધિ !! ૩
વીતી જૂવાની કે પ્રવૃત્તિ પકડયા કેદી બનિને,
કરી લીધા છેલ્લા ગગન નમનો, સત્ય વૃતને;
અરે! એ દાનો ક્યાં? હરષભર જે આગ ગુજર્યા;
પ્રતિ અંગે જ્યારે રમતી દિસતી સત્ય શીલતા. ૪
હવે મ્હોટા થાતાં ગયું સહુ બન્યા યન્ત્ર જગના,
ભર્યાં સ્વાર્થે આશા, ભય, સહુ ક્રિયા સ્વાર્થ વશ હા!
કહો ત્યાં પ્રીતિ તે કયમ કરિ ઠરે સ્વચ્છ સુખદા ?
ન જ્યાં આત્મા પ્રેમે, પણ સખત તે વૈશ્ય ભયમાં. ૫
લખ્યું એવું ભાગ્યે, કયમ નર બને સ્વાર્થ વિખુટા?
થવું સોના જેવું કમ તજિ શકે કોઇ વિરલા.
બને ભાગ્યઆપત્તિ, જીવન સઘળું દુઃખ બનિ રહે;
હું તો ના લોભાણી, અડગ વૃતને આ ઉર ચહે. ૬
અરે બન્ધુ! ધારી વૃત શિથિલ શું ટેક વિસરી,
ભરે દોષે કીર્તિ ? નહિ નહિ રહે એહ ઉજળી.
થતાં અંધારૂં ત્યાં વિલસિ ચગકી રહેજ અગિઆ;
ટકે નાએ દીપ્તિ જગનિ દિન જ્યોતિ ગહિં કદા. ૭
મળે શાને ખુશામતિજનસહે રાજ્યકરતા,
ખરે ત્યારે ત્યારે દુરગુણ સુઉત્તેજિત થતા.
બને મૂર્ખા પેલા, સુભગ વચને ફૂલિ ફરતા.

અને લુચ્ચાઓ તે અસત ભણિને ટેક હણતા. ૮
હજૂ કૃત્યોગી તું, પ્રિય સુહૃદ! જંતુવત રહ્યો,
વહ્યો ચાહે સ્વાર્થે, તદપિ ચિત્તમાં હર્ષ વધતો.
રચે શે એવું એ—ધનપતિ વદે તેમ વદવું?
કરે, કહેવું સારૂં, નરતું તદપિ, ચિત્ત ઠગવું!! ૯
કહે બાંધ્યા કેઈ વૃત તવ અનુમોદિ વરશે?
કયો ગાશે કીર્તિ કવિજન તજીને સરવને?
કયો એવો કહેશે "સુહૃદમગ" પ્રેમે સમજતો?
અરે પ્રીતિનું તું વજન રતિએ નાંહિ ધરતો. ૧૦
કહ્યાં લાગ્યાં તેવાં વચન કડવાં, માફ કરજે,
તજી લોકાચારો, નિશદિન હવે સ્પષ્ટ વદજે;
ન લેખે લેખાતો ગણનીય થવા યત્ન કરજે,
યજે કંઇ તો કંઇ જે નીતિવિદજનો નીચ ન લહે. ૧૧

બાયરન—એક મિત્રને.

प्रवृत्तिमां प्रेमशो?

પદ.

"પ્રેમ પ્રેમ" શું લવે? પ્રાણિઆ! "પ્રેમ પ્રેમ" શું લવે?
જીરવવો મુશ્કેલ, ન જરતાં સૂવું સળગતે દવે. પ્રાણિઆ.
પ્રેમ મોહની પારખ ન મળે, મોહ પ્રેમમાં લહે,
મોહ મોહ નીવડતાં પાછળ ખેદ ધરી શું રડે? પ્રાણિઆ.
લોભ કામની ધપકે નાડી, ઘોર તિમિર ધટ ગળે,

સ્વારથના જ્યાં શ્વાસ નીકળે, ત્યાં કદિ પ્રેમશું ગળે! પ્રાણિઆ.
પ્રેમ પ્રિયા બન્ધુનો જૂઠો, માત તાતનો ઝરે,
જૂઠી દુનિઆમાં લાગ્યું શું ગાંડું પ્રેમ ઉપરે! પ્રાણિઆ.
પેલા નભગત ઇન્દુ પાસે કવિગત ઇન્દુ નમે,
ઉરગત ઈન્દુ! જાગ જાગતું એ ઇન્દુ બહુ ગમે. પ્રાણિઆ.
તૃપ્ત ટળી અણુ તૃપ્ત અરેરે! હૃદય બન્યું આ સમે!
ઈન્દુના અમીસાથ ભળી છો હૃદય અમીમાં શમે. પ્રાણિઆ.

प्रवृत्तिने नमस्कार.

પદ.

નમો નમો જંજાળ, જગતની નમો નમો જંજાળ,
ગયે કેમ મુજને તુજ કરવા! સર્વ આળ પંપાળ. જગતની.
જીગર પ્રેમ યાચના હશે, કંઇ હશે ઉગળકો ગહા;
કપટ કપટ આ નજર તરે, તો છોડ ગને સર્વથા. જગતની.
હશે હિત મ્હારૂં તવ યત્ને, હશે વસી ઉરદયા.
વિષ પોષણુ એને અમૃતપાએથી શી સાર્થતા! જગતની.
હૃદય તુંથી વિરક્ત સદા, એ ચહે અન્ય સારદા;
કદી બાંધ બંધાય દેહ પણુ એ ન પ્રરાક્રમ મહા. જગતની.
ચોળી ભસ્મ એ શંકર મોહ્યો ભીલ રાણીપર અહા!
મહાવિશ્નુ વસુ સંપદ અર્થે, વસે સાગરે સદા. જગતની.
એ હાર્યા તો કોણુ માત્ર હું, હુંપરતો જોઈએ દયા,
મહાદેવિ! હું ક્ષુદ્ર જન્તુ છો ભટકું અંધકારમાં. જગતની.

હું મુઝાઉં, નવ પડે કાંઇ આનંદ તુજ ઠાઠમાં;
પ્રણમું યાચું હું દીન, વિરાગે જીવ પછી નહિતમા. જગતની.

विरागनो स्वीकार.

પદ.

જો જગ જાણે શુદ્ધ રંગ, રસ, સાર વિહીન સદાય,
તોય હજુ લલુતા ન તજી કાં? ઉઠી થાતું વીદાય.
હો ઉદ્વેગી આતમા છોડીને ચાલ્યો જા સંસારને?
વ્યાપ્ત થયું ઘટ ચિન્તા તિમિરે, સુઝે સૌ વિકરાળ;
પ્રગટ દીપ આનંદ કરીને પરબ્રહ્મ સંભાળ હો ઉદ્વેગી.
એ દીપે ઘટ ઊજ્જવલીત જો એ મહિ બ્રહ્મ સમાય;
શું ખોળે જઇ ઠામ ઠામમાં? સૌ ગભરામણ ટાળ. હો ઉદ્વેગી.
થતું વિરક્ત તોય આસક્ત શું ચિત્ત ઘડી ઘડી થાય?
મિત્ર પ્રિયા સંબંધીમાંથી કોઇ નહીં -હે સ્હાય. હો ઉદ્વેગી.
શું પામ્યો જગજન પ્રેમેતું? વધી મૂરખ જંજાળ;
પરબ્રહ્મ પ્રેમેતો ભઇહો! નિત્યાનંદ થવાય. હો ઉદ્વેગી.
સ્વારથિ કહેશે જગજન, છો કહે, સ્વારથ કેમ તજાય?
સ્વારથ મરથે મ્હેણાં બોલે, સ્વારથી કોણ ગણાય? હો ઉદ્વેગી.
સાગર પ્રેમ નીરભર હોએ, તેપર તરતું યતાંય;
ભીંજે વપુ આનંદ ઉર્મીઓ, જ્ઞાન ચંદ મુખછાય. હો ઉદ્વેગી.
આતમા લ્હેર ખરીછે એહ રંગમાં.
એ લ્હેરે ભક્તિ, ભક્તિથી સાયુજ્ય મુક્તિ પમાય;
એ સર્વે વિરાગ અંગમાં એ વિણુ સર્વે વૃથાય. હો ઉદ્વેગી.

मात पिताने पुत्र.

ગઝલ (સોરઠની).

બેટા! નીંદમગ્ન થયે થયે એ આનંદમાં કરિ હાસ્ય લે,
કરી હાસ્ય લે, જોઇ શાન્તિ મ્હે, અમ માત તાત તણે દીલે;
એકવાર પણ અવતારમાં વર્યું હાસ્ય આ દીન ગાલ તે. બેટા.
કરી લે, ફરીવાર નહિ મળે, વશમા દિનો બહુ આગળે;
તીક્ષ્ણ કંટકે ભર્યું વિશ્વ આ, મ્હેવું સાથ એ ગમે ના ગમે. બેટા.
ગોરી કાન્તિ મોહ ભરી કુંળી ક્રૂર કાળ તેનેય ચાવશે;
ધિક્કા ધિક્કા આ આગ જોડને જેથી ઊપજ્યો દુઃખ પામશે. બેટા.
લેશે ચાંપીએ ચુમ્બીએ તને, પ્રેમ દેહ સૌ કુરબાન લે,
એકવાર તો હસ શાન્તિ મ્હે મરીએ કદાપિ જો આપજે. બેટા.

બાયરનના કેનપરથી.

इन्दुपर दया भाव.

ગઝલ (સોરઠની).

બાપુ ઇન્દુ! એ વિધિએ લખ્યું, ઉદયે ક્ષયે ર્‌હદિ શું મરે?
તુને ભેટવામથી જો મરે ઉદધિ સખી કર લક્ષથી,
આખા વ્યોમનો પરિવર્તલ્લે, ન મળી શકે તોય તું ઘડી!! બાપુ.
કુમુદિની તાહરી કુમળી તે શું સ્પર્શ ભૃંગ બળે કરે,
ઊગે ક્રોધ રક્ત, નિશા જતાં તું ફીકો પડી અંતે આથમે!! બાપુ.
ત્હારી પ્રેમ ચુમી સ્વીકારવા આ ચકોરી જો ગગને તરે,

શે ક્યે પ્રદેશ જઇ વસ્યો જેના ગમ્ય પ્રેમ વિહંગને? બાપુ.
તું સંયોગી જનને સુધા ભર્યો, વિષપૂર્ણું વિરહી તણે દીલે,
એ વિચિત્રતા પ્રભુએ સૃજી, લોકો પૂજતા નીંદતા તનો બાપુ.
મથવું, વૃથા જવું, ખીજવું, પુજ્ય નીંદય આ લોકમાં થવું,
એ પ્રકૃતિ આ જગયન્ત્રની એમાં ચિત્તને શું ઉકાળવું? બાપુ.

विषपीती गुर्जरी.

૫૬.

પડયો ઘાવકારી ઉરપર હા! સહ્યો જાય એના.
ધર્યું મૂખ વિષભર્યું પ્યાલું તે જીવ! હવે પીજા.
પ્રેમ અમૃત બહુ પીધું,
સ્નેહી જન સુખ બહુ લીધું;
મળ્યું આપ્યું, ગૃહી લીધું.
વિધિએ ધાર્યું કીધું રે! પ્રિય તજી પ્રિયજન ચાલ્યા! ધર્યું.
નર્મદ નવલ પ્રિય તનુજોને ભક્ષી લીધા કાળે!
અસહ્ય એવું દુઃખ રહેવું, ઘટઘટ ઉતારી જાને.
કોણ તુજ આરત જોશે,
કોણ દુઃખમાં સુખ ખોશે;
કોણ તુજ આંસુ લ્હોશે,
ગુર્જરી એકિલી રોશેરે મરો આ જીવ બળો હા! ધર્યું.
કાળ ક્રૂરા છાજ્યું કીધું બેશરમ, મૂર્ખ શે લાભે?
તત્વ તત્વમાં ઝૂંટાયાંને નામ અમર ત્યાં મ્હાલે.
ડાઘ અપયશનો લીધો,

ગર્મ ભેદી ઘા કીધો;
વીખગાર પ્યાલો દીધો.
પીવો એ રસ્તો સીધોરે! હૃદય વિચાર હવે શા? ધર્યું.
મીંચ આંખ મૂર્છના મહિં એ દેહ ગયાજ ગયા તે,
દ્રશ્ય વસ્તુ અરથે આંખો આ એ વિણશે એ રાચે?
ગને શું અમર કરી રે!
વૃત્તિ મુજ કાં ન હરી તેં!
પ્રભુ તેં પ્રેમ કરીને,
દુભ્યો શું વીખ ભરીને રે! ખરે દુખદા ઘટના આ! ધર્યું.

યુવાન અને મૃત્યુ કાલ

શિખરિણી.

પિતામાતાનીએ થઇ ન કંઇ સેવા મુજથકી,
ન -હેવાયું હુંથી નિયમસર નીતિ પથ વિષે,
ન દાને કંઇ દીધું કર થકી કદી દીન જનને,
અહો કાળે હા ધિક્કા મુજથકી બન્યું કાંઈ શુભ ના. ૧
નિહાળે પ્રિયા આ મુજ ભણિ બની દામણી હવે!
અરેરે! એને મેં લગિર નહિ મ્હારી કરિ અહી,
તને સોંપું પ્યારી ગુરૂ, સુહૃદ ને કર્મ વશહા! અહો. ૨
હતી ભારી આશા, જનપદ અને દેશસુખની,
ગઈ સૌ દાઝીએ, અહહા પ્રથગાંકુર ફુટતાં,
જશે જાયું એવું શરીર મુજ કૃતાર્થ ન થયું. અહો. ૩

સહુ બેનો માતા રહિ મુરખ નિરક્ષર ગદ્ધા,
ભણીતે વિદ્યાને કરતિ દુખિતા છંદ ગગને !!
સુધારી તે યત્ને નિરખવિ હતી દેવી રૂપગાં. ગ્રહ્યો. ૪
ભણાયા સિંહો તે અશરણ અરે ગાય બનિઆ,
સ્વદેશી બંધુઓ પરવશ અતિ દુઃખ સહતા !!
અરે! એને એવા નિરખિ મરવું એમ કરમે!! ગ્રહ્યો. ૫
અરે! ચુકયોશું તું મરણ દુત! રે! આંહિ પળતાં;
સદા ન્યાયી કહેછે ધરમ કદી ત્યાં નાહિ પડવે,
રજા દે, સંતોખું મુજ વૃતિ તણો એક કડકો. ગ્રહ્યો. ૬
અરે! નાએ છોડે, પ્રિયજન! હવે વંદન કરૂં.
પ્રભુ ઇચ્છાના તો મુજ થકિ રજે શુભ ન બન્યું;
કથ્યું તેમાંથી કંઇ કરવું મુજને મોક્ષ મળવા. ગ્રહ્યો. ૭

परतंत्रता

પદ.

અમે ઉચ્ચ, ઉચ્ચાભિલાષી ને ઉચ્ચ વીર્ય દાખવતા,
પડી રહીશું પરાધીન શું ? ના ના એમ બનેના.
આર્યનું આર્યપણું શું ?
વીરનું વીરપણું શું ?
પ્રેમનું પરબંધન શું ?
ધસી યશગાનથી મરશું રે, રહી અપયશથી ડરતા. પડી.
કોણ કોણ પરદેશી યવનો, હકક હિમ્મત દાબે તે ?
કોણ થાત્ર આર્યની પાસ જે રણગાં પડી રાચે એ ?

શસ્ત્રપર હાથ ધરીશું;
ધૂળ અરિ મુખ ભરીશું,
વેર વડવાનું લેશું.
દેશ નીજ હાથ કરીશું રે, મૂછે રહિશું કર ધરતા. પડી.
વીર્ય વપુશ્રી થકી ભરેલી ભલી આર્ય જનની આ,
ગહા પરાક્રમ જયવાજાંનાં જોયા સમય ઘણા હા !
અહો પરશુધર પરશુ,
યુદ્ધ રામનું રાવણશું;
વળી કુરૂક્ષેત્રે વાજ્યું.
યોધ કુરૂ પાંડુ વાજું રે! એમ ગાજી દમ ભરતા. પડી.

चंदाने एक प्रश्न.

સુતું જગ નીદ્રા અંક; હું પૂછું ચંદા !
સુતા તારક નભ અંત, હું પૂછું ચંદા !
સુતો સગર તિય પિય અંગ, હું પૂછું ચંદા !
સુતી રતિગોષ્ટિ દ્દગંત, હું પૂછું ચંદા !
ત્યારે કરિ ગર્જન આગ, હું પૂછું ચંદા !
કે કે શું ઉદધિ કટાક્ષ? હું પૂછું ચંદા !
ને ઊડી ઊંડું ચકોર, હું પૂછું ચંદા !
નાચે નિરખી તુજ કોર? હું પૂછું ચંદા!
ગાએ કયગ આ બુલ્બુલ? હું પૂછું ચંદા !
મરિત ભર્યું પ્રસન્ન પ્રફુલ્લ હું પૂછું ચંદા !

ને અનિલ લહરી ચુમ્બિત, હું પૂછું ચંદા!
નિરખી હરખે શુ કુમુદ? હું પૂછું ચંદા!
તવ દર્શનથી ઘેલાં બને! પૂછું ચંદા!
એને મુખડું નિરખે તને! પૂછું ચંદા!
એ તે શી પ્રીતી રીત? હું પૂછું ચંદા!
શી વશીકરણુની વીધ? હું પૂછું ચંદા!
શો મોહ તણો એ મત્ર? હું પૂછું ચંદા!
શો અજબ ચતુરાઇ પંથ? હું પૂછું ચંદા!
સ્મર સ્હાય લઇ બહુવાર, અલિઓ તેં ચંદા!
માર્યા છે બાણુ પ્રહાર, અલિ ઓ તેં ચંદા!
મુજને, પણુ તોય તું દેવના જેવી ચંદા!
આ અંતર આત્મ વિશે વસી, અલિ ઓ ચંદા!
તજી નીદ્રા રતિ વ્યવહાર એતે શું ચંદા!
નિરખું નિશિમાં બહુવાર? એતે શું ચંદા!
દિનદિન વધે ત્યમ પ્યાર એતે શું ચંદા!
એતે શો પ્રભુત્વ પ્રકાર? ઓ પ્યારી ચંદા!
અયિ અયિ પ્રિયે શું એહ? એ પૂછું ચંદા!
એક લગીર શું તો કેહ ઓ પ્યારી ચંદા!
ઘન પટથી ઢાંકે મોંહ, શું ભુંડી ચંદા!
તેમ તેમ વધે મુજ મોહ, ઓ ભુંડી ચંદા!!
શું નિરખે મંદ હસી હસી? ભુંડી ચંદા!
શું અરજ કાંઇ નવ ઉરવસી!! ભુંડી ચંદા!

મદનબાધા.

હોરી.

કામ હે કામ જોતું વિચારી વિચારીરે કામ હે કામ. (ટેક)
ઉત્સવ વૈભવ જગના વિહારો, ત્યાગ્યા સહુ મોહકારી;
ત્યાગ્યા લલિત લલનાના પ્રદેશો તાકી શરો બહુ કારી,
ભમે કેમ પૂઠ હમારી? કામ હે કામ.
કોકિલના કોમળ કંઠે લલનાનો ભાવ વધારી,
લલિત લતા વન કુંઝે અને ગિરિ સરિત વિશે એ વિકારી,
વશી શું રહ્યો રૂપ ધારી! કામ હે કામ,
હા! હા! હણાયો હણાયો હવે હું, ક્યાં જાઉં? શી ગતિ મ્હારી,
આશ્રય એક હતો આભનો આ, તેએ થયું દુ:ખકારી,
મદનને મળી સ્હાય ભારી! કામ હે કામ.
વૃષ્ટિ વધીને રમી રહિ વિદ્યુત મૂર્ત્તિ મનોહર ધારી;
પ્રેરે અનંત ઉદ્દીપન ભાવો સુરધનુ રંગ વિહારી!
અનાથનું કો ભય હારી કામ હે કામ.
જગ સારૂં નિર્દય થઈ બેઠું, તો શી કથા કહું ત્હારી!
જગ દયા પરમાર્થ ન રૂચે નિર્દયતા થઇ પ્યારી—
ભલે તો સહું મન મારી, કામ હે કામ.

કોયલડી.

બેઠિ બેઠિ આંબાની ડાળ, કોયલડી ટહુકો કરે!
'પીઉ પીઉ' રટે આ પપૈઓ ન બિન્દુ એ સાંપડે!

એવો એવોજ જગતનો નીમ કોને કોની શી પડી?
'પીઉ પીઉ' રટે આ પપૈઓ કોયલડી ટહુકી રહી!
પ્રેમ દયા પરમાર્થ જેમાં જનતા વસી
ખોળ્યાં લાધે ન એ જનમાંહે વિહગની તો વાત શી!
એવો એવો શું જગતનો નીમ! કોને કોની ના પડી.
'પીઉ પીઉ' ર આ પપૈઓ કોયલડી ટહુકી રહી!
ફીકિ ફીકિ અને નિર્માલ્ય દિસે હિન્દ બાપડી
એવી તોએ બ્રિટાનિઆ એને ન છોડે પાએ ઘડી!
એવો એવો શું જગતનો નીમ? સ્વારથમાં વૃતિ જડી
સારી સારી બ્રિટાનિઆથી આ કોયલજે ટહુકી રહી
કહેશે કહેશે 'અમે એક આર્ય, એવા હિન્દુઓ અરે
દમે સ્ત્રીને ગુલામની પેર એમાં એ આનંદ લે!!
રે રે નિર્દય આ ગજબંધુ ટવે શું કથ્યા થકી
''પીઉ પીઉ' રટે આ પપૈઓ કોયલડી ટહુકી રહી'
બન્ધુઓ! ઓ! બ્રિટાનિઆ! ઓ તજ્યું શું ઔદાર્યને,
જેની સેવા પ્રતાપે શ્રી સાંબ હલાહલને સહે.
પેલો પેલો ન જગતનો નીમ, જગત નીતિ આ નવી,
'પીઉ પીઉ' રટે આ પપૈઓ કોયલ શું ટહુકી રહી?
પ્રેમ દયા પરમાર્થ એ નહિ એક દેશનાં;
સેવે તેનાં સદા એ તૈયાર પાદપની જુઓ પ્રભા—
છેદે કાપે એવા જીવનેય એ દે છાય શીતળી;
'પીઉ પીઉ' રટે આ પપૈઓ કોયલ શું ટહુકી રહી?

પરતંત્ર અમારો દેશ, ગુલામ સ્ત્રીઓ અહીં;
એવાં દુખથી ન આવે કંઇ ઉંઘ, તારે દીલ કંઇ નહીં—
બેઠિ બેઠિ આંબાની ડાળ કોયલ શું ટહુકા કરે ?
'પીઉ પીઉ' રટે આ પપૈઓ ન બિંદુએ સાંપડે !!

अवसान स्तुति.

ગઝલ (સોરઠની.)

હું તું એક એ ઉમાકાન્ત શું? દીન બાળ તુજ શરણે પડું;
પીધું તે હલાહલ તું સહે, ત્યાંતો દુ:ખ લેશ ગમે નહીં;
હું તું એક એ ઉમાકાન્ત શું ? એનો લેશ ભાસ ગને નહીં. હુંતું.
કહે છે ચંદ્રશેખર સૌ તને ત્યાંતો ક્રોધ જ્વાળ રહે બળી.
હું તું એક એ સહુ શું લવે? ભાવી તો ભલે આજ કંઇનહી હુંતું.
ક્યાંએ ભસ્મી ભૂત રતિપતિ ? ક્યાં એ બંદીજન ગુણ ગાનગાં?
હું તું એક—એ ડરતો તુંથી, દગતો મને દિનનીશ કાં ? હુંતું.
હતી સ્વર્ગે બે ધસી હર્ષથી પડી કેશમાં રહી જાન્હવી;
એવી એ ચહે તુજ શર્ણને, પડું શર્ણકોઇ ગ્રહે નહીં. હુંતું.
હુંતું એક નિશ્ચલ સાર્થક હોતો હો ભલે; રૂચતું નહીં.
હુંતે હું રહું તુજ દાસ હું, તું તે શર્ણ એકજ એ સહી. હુંતું.

इति.

स्पष्टी करण सहाय.

शिवस्तवन આમાં લીધેલા ઘણાખરા તર્કોનું મૂળ **कुमारसंभवमांनो जटिल-उमा-संवाद** છે. એકાદ શેપરહેલનું મૂળ **उपमन्युकृत माहिम्नस्तोत्र** છે.

"ભયહારી" યજ્ઞવિધિનું વિશેષણ છે. જગધ્યેયઃ જગતને ધ્યાન કરવા યોગ્ય. સધ્યાન ધ્યાન સહિત, ધ્યાન ધરતા.

कुमुदीनो चंद આ પદબંધની ઉત્પત્તિ કેવળ કલ્પનામાંથીજ થયેલ છે. અને કલ્પના એક કરતાં વધારે સ્થળે ક્લિષ્ટ છે; પરન્તુ વિષય અચ્છું કાવ્યસ્થાન થઇ પડે તેવો છે. સ્વભાવિક પ્રતિભાશક્તિને એ રગણીય—માનપ્રદ નીવડે. ઉત્કંઠાથી પ્રેરાઇ મેં મ્હારી કલમ તો ચલાવી છે, પરન્તુ સ્થાન, પાત્રતા, કલ્પના, રસ પ્રભાવ દરેક વર્ણનમાં મ્હારી શિથિલતા મને જણાય છે માટેજ હું આને કાવ્યનામ ન આપતાં પદબંધ નામ આપવા ઇચ્છુંછું.

સમય વૃષા ઋતુનો છે, આકાશ જલ પૂર્ણ મેઘથી છવાએલ છે, રાત્રિ અજુવાળી છે. કલ્પના એવી છે જે ચંદ્ર ઘનપટથી આચ્છાદિત ફીકો—પીળો દેખાય છે, આમ ઘનપટમાંથી ઝાંખી આંખે પ્રિય કુમુદિનીને પણ ફીકી—પીળી જુએછે—જાણે પોતાના વિરહ સમયના આગમનથી, દુઃખથી પરાધીન અવસ્થાથી પ્રિયા પણ દુઃખી—દામણી વદન કમળને નમાવી રડતી ઉભીછે. કુમુદીનો છોડ પોતાનો પ્યાલો ચંદ્રની શૂન્યતામાં તો નમાવતો હશે, પરન્તુ ઘનપ-

ટથી આચ્છાદિત ચંદ્રમા હોય ત્યારે આ સ્થિતિ હોય એમ કલ્પના કરતાં ઉપરની કલ્પના વાંચનારને વધારે પ્રત્યયભરી ભાસશે. કલ્પનાને વિશેષ એટલે સુધી દોરી છે કે સમય વૃષાની ગધ્યા અવસ્થામાં આણવો પડયોછે. કહ્યુંછે જે "લીલી સાડી સજી કૂદે રમે સખી સહુ"

હવે વાંચનાર કલ્પનાનો ક્લિષ્ટ ભાગ જોઇ શકશે. કુમુદીને વાદળી—કુમુદી ચંદ્રના પ્રેમમાં વિરોધ આણનારી ચંદ્રને દૂષિત કરવાની ઇચ્છા ધરનારી—વા ચંદ્રના સુરત સમાગમમાંજ લાલચુ પોતાના જળમાં ડૂબાવી દેછે, મારી નાખેછે અને તાણી જાયછે. કદાચ દૈવયોગે એક કુમુદીની આવી દશા હોઈ શકે પરન્તુ સર્વસ્થ વૃષામાં કુમુદીનો નાશ કોઇ ગ્રંથમાં વર્ણવ્યો નથી તેમ સંભવતો પણ નથી. ક્લિષ્ટતાનો અંત આટલેથીજ અટકતો નથી.

ચંદ્ર પણ ફીકો—પીળો હતો તે તદન પીળો વિવર્ણ શબ થઇ જાય છે. પ્રિયાના પાછળ પોતાનો પ્રાણ તજેછે, તે છેક "પ્રસન્ન નભ નદી સરો" એવા શરદના સમયમાં પુનર્દર્શિત થાય છે. કુમુદી જન્મી પોતાના દ્રગામૃતે જીવાડે છે ત્યારે સજીવ થાયછે. અત્યાર સુધી જન સમૂહને તે જણાતો તેનું કેમ? એતો કેવળ વાદળીએ પોતાના ધનાંકમાં, મૂર્છિત છે માટે મૂર્છાવળે વશ થશે એવી ઇચ્છાથી વા ક્રૂરતાની અવધિ બતાવવા—પરાક્રમ હદ પ્રદર્શિત કરવા શબરૂપે સ્થાપી રાખ્યો છે.

કહેવું જોઇએ કે આમાં કલ્પના સ્ખલનો અજ્ઞાનતા કે ત્વરતાથી થયેલ નથી. ગંભીર કરૂણરસ જે આમાં ક્વચિત્ ક્વચિત્ ગર્સ્તિ કરતો વહ્યા ચાલે છે તેને આવાં સ્ખલનથીજ પુષ્ટી મળે છે.

પ્રેમનું ઉચ્ચીકરણ કુમુદીની પાછળ ચંદ્ર મરે ત્યાંજ આવી શકે.

જો કે આમાં ૧૧ પદબંધોનો સમૂહ છે અને ૧, ૨, ૩, એ-વા ક્રમ પાડી તેમને મૂકવામાં આવ્યાછે પરન્તુ એવા ક્રમે તેમની ઉત્પત્તિ થઇ નથી તેમ એમ ન વાંચતાં વાંચનારને ન્યૂનતા જણાય તેમ પણ નથી.

પિતા—ઉદધિ. ઝુરવું-ઉછાળાભારવા. ચંદ્રને લીધે ભરતીઓટ થાય છે એ જગ જાણીતી વાત છે. ષોડશ સોળ કળાના ચંદ્ર હોયછે પરન્તુ પૂર્ણિમાએ પૂર્ણ કળા હોય એમ માની તથા તિથિની સં-ખ્યા લક્ષ્યમાં રાખી પંદર કળા કલ્પી છે ભ્રમણે ચ્હડાવ્યો—પૃથ્વીની આસપાસ ચંદ્ર ફરે છે.

વૃતિમંદ-લાગણી વિનાનો. ભૂનભયોગ-દ્રષ્ટિમર્યાદા (સરસ્વતી ચંદ્ર) રાગ હરિગીતની લેહેમાં ચાલશે.

૨ શ્રુતિ=કાન. સ્પર્શ=ચુમ્બન. કષ્ટ જીવવું=જીવવું દુઃખદાયક થ-ઈ પડ્યું છે. રાગ ભૈરવીની ગઝલ.

૩ અશર્ણ્ય=શર્ણુ જવા યોગ્ય નહીં એવો. તપે=તાપ સહન કરે. દુઃખ વેઠે.

વૃતે=પતિવૃત (ચંદ્ર શિવાય અન્ય શું પ્યાર ન બાંધવાનુંવૃત) "મોહે ચંડી" આમ બોલી ચંદ્ર પોતાનું વિનય ચાપલ્ય બતાવે છે. "કુંળી કરમાઇ જીગર" વિગેરે બોલી ચંદ્ર કુમુદીનું પ્રેમ ગાંભીર્ય બ-તાવે છે. "તજીદે તજીને" વિગેરે બોલી ચંદ્રમા પોતાનો ઉચ્ચ પ્રેમધ્વ-નિત કરે છે.

રાગ—ગઝલ—કાસીદા તું જાકે ખબર લાદે મેરા યારકી એ ઢબે

૪ ચંદ્ર કેટલા ઉદાર વિચારનો પુરૂષ છે તે આ પદથી જ-ણાઇ આવશે. કદાચ તું ધારતી હોઇશ કે ત્હારા તજવાથી મને દુઃ-ખ થશે પરન્તુ એમ ધારતી ના ત્હારા સુખના દર્શનમાં મ્હારા દુઃ-ખનો નાશ સમજી લે "એ પ્રિયા ગુણગાન" વિગેરે બોલી જણાવે છે જે તજવાથી કદી તું જઈશ પણ ત્હારૂં સર્વસ્વ મ્હારી પાસેથી જવાનુ નથી એટલે ત્હારી ખોડ જણાવાની નથી. 'બુઝી પ્રગટે' હૃદયમાં કુમુદી વસી છે માટે આંખ તેને સ્થળે સ્થળે જુએ છે. પ્રિયાથી દુઃ-ખ-પ્રિયા આપે તે દુઃખ. પ્રાણાધિ=પ્રાણથી અધિક. જન્મી પિતાને દુઃખમાં ધર્યો. ચંદ્રથી ભરતી ઓટ થાય છે. પ્રેમની= કુમુદી વિના ઇન્દુ ન રહી શકે તેમ ઇન્દુવિના કુમુદી ન રહી શકે એ પ્રેમની.

રાગ માઢ.

૫ "અરે ઓ મૂર્ખ" વિગેરે શબ્દથી કુમુદીના ઉચ્ચ પ્યારની તથા તે પર ચંદ્રના પૂર્ણ વિશ્વાસની ધ્વનિ થાય છે. "પ્રયત્નો વ્ય-ર્થ" વિગેરે ચંદ્રનું નિષ્કલંકત્વ બતાવે છે. "મહી આકાશ" વિગેરે શ-બ્દથી ચંદનું એવું તાત્પર્ય છે જે મ્હારૂં આકાશ કુમુદી વસે તે સ્થા નછે. (આકાશ-દિવ્ય સ્થાન) વિંખાણુ-વીખરાઈ ગયેલ. કણો=ભસ્મ-નાં રજકણ.

રાગ ૩ જા પદનો.

૬ એક તત્વમાં ઘડેલ-જળ તત્વમાં ઘડેલ-કુમુદીનું જળમાં ઊગવું તથા ચંદ્રનું સાગરથી જનન અજાણ્યું નથી. "દબાવ હુંને" એમ વર્ણનની શરૂઆતમાં બોલે છે એમ સમજવું. એ જીવમાં વ-સેલ જીવ-ચંદ્ર પોતેજ. શું થશે-પવિત્ર સુંદરીના વૃત્તાન્તપર આવે-

જ વિશ્વાસ જોઇએ,

રાગ ચંદ્ર મુખીને એકલી.

૭ "દીલભર દીલ" વિગેરે આખું ચર્ણ પુજ્ય મણિલાલના પ્રેમ જીવનના "દીલશું દીલ" વિગેરેપરથી ચોરી લીધું છે. અનિલાધાર. પવન જ્યાં ઘસડે ત્યાં જવાવાળી "ભૂમિથી નભમાં ચ્હડી-વિગેરે" -નભમાં ચ્હડી તથાપિ પવિત્રતા જાળવી રાખવાને બદલે અપવિત્રતા સંગૃહી.

રાગ બિહાગની ગઝલ (આંસુડાં મ્હારા લુવે એ.)

૮ બદલતાં-પ્રતિકૂળ થતાં. ક્રૂરાત્મા=વાદળીનું વિશેષણ.

આળું મ્હારે લીધે તને થતું વિયોગ દુઃખ. કાપ્યું-ત્હારા મૃત્યુ-રૂપી ઘા. વહેનહિ વાયુએ એ ઘાને શાન્તિ આપવાને.

સુભાગ્ય-કારણ કે હૃદય સર્વસુખ અનુભવી શકે તેવું છે.

શરણ પડતું-મને ત્હારૂં સ્પર્શ સુખ નથી તો ખેર પરન્તુ ત્હારી પૂજાનું પણ સુખ નથી. જળમાં જે મ્હારૂં પ્રતિબિમ્બ ત્હારે શરણ પડતું તે પણ આજે નથી. (વાદળીના વિરોધથી)અભિગમ=તરફ, ગ્રીવા= ગરદન તગ-તગારૂં.

૯ શકે=જાણે, પિયુષ=અમૃત, સખિન્નતાએ=ખેદસહિત પિયુષ-પાત્ર-અધર. શુચિ=પવિત્રતા, નિસર્ગતા=કુદરત. ગતા. મૃત.

૧૦ વિરમી=થાકીગઇ પ્રસન્ન=ચોખ્ખું, આનંદી, ઘન=નિબિંડ

રાગ "જય જય જય જય જય જય બોલો" નર્મદાશંકર.

૧૧ સ્વાદ, પાન, કેફ, ભોગ આશબ્દો પ્રેમભોગ ક્રમવાર ચ્હડતો બતાવવા દાખલ કર્યાં છે.

प्रियास्मरण આ વિષય, આમાં દાખલ કરેલ સર્વ વિષય ની પેહેલાં લખેલો હતો પરન્તુ મનોભાવનું ચિત્ર કંઇક સારૂં લાગવાથી દાખલ કરેલ છે. દરેક પદની અન્તે ફરી ફરી આવતું ચરણ મ્હારૂં નથી પરન્તુ કોઇ પાસેથી સાંભળેલું વા વાંચેલું તે દાખલ કરી દીધું છે. દ્વીરેપ=ભ્રમર મૃણાલ=કમળ. સાર્થ=સાર્થક ભ્રૂશરલક્ષ્ય=ભમરરૂપી બાણનું લક્ષ્ય. લક્ષ્ય=જેની સામે બાણ તાકવામાં આવે તે. શાન્તા અને પ્રમદા એ એક બીજાના ભાવમાં વિરોધ આણનાર શબ્દ જણાશે પરન્તુ એ શબ્દો અનુક્રમે સ્ત્રીના નેત્રની અવસ્થા બતાવે છે. ન્યાસથકી=ધપકારાથી. ક્ષત=જખમ. વિહારગત=વિહાર સંબંધી. દ્વીધા, ત્રિધા, ચતુરધા. એકપછી એક થતાં ચુમ્બનની અધીરતા બતાવે છે. પ્રશાન્ત=થાકીગએલી ભોજ્ય=ભોગવવા યોગ્ય.

प्रियाविरह=પંડિત જગન્નાથનું આ કાવ્ય છે એનું નામ કંઇ જગતથી અજાણ્યું નથી. કવિતા માધુર્ય ભરી છે. વિશેષ શું કહું, એનો પોતાનોજ પોતાની કવિતાને વાસ્તે કેવો મત હતો તે સુજ્ઞ વાંચનાર આમાંથી જોઇ લેશે. પરાઙ્મુખ=પ્રતિકૂળ. સ્મરના સચિવ=કામદેવના મંત્રી આ વિશેષણ નેત્રાવલોકનું છે. નેત્રવલોક=કટાક્ષ કવિતો નેત્રાવલોકને બદલે "સહસાવલોક" વાપરે છે પરન્તુ પદબંધ તૂટવાની બીતિથી લાચાર થઇ આવી છૂટ લીધી છે. વિસ્મૃતિ ગર્ત=વિસ્મરણ રૂપી ખાડો, કવિતો ત્યાં "વિસ્મૃતિપથ" વાપરે છે પરન્તુ "વિસ્મૃતિ ગર્ત" એથી કંઇ સારો અર્થ બતાવે છે. માંટે વાપર્યો છે. અધિ દેવતા શું=અધિષ્ઠાત્રી જેવી નિર્વાણ મંગળપદ=સ્વર્ગ. નીલારવિંદ=કાળાં કમળ—કટાક્ષ કાળાં હોય માટે નીલ. શબ્દ વા•

પર્યો છે. સ્ખલન=ઠેશ "બ્લન્ડર" આ શબ્દ હાલની રૂઢીને અનુ-સરી લખવામાં આવ્યો છે. કવિતો એને બદલે "શિલા શકલ" વાપરે છે. શ્રવણ મંગળ વર્ણ રાજિ=સાંભળતાં માંગલિક જણાય એવી છે શબ્દની પંકતિ જેની, નિર્દૂષણ આદિ વિશેષણ કવિતા તેમ ઓ બન્નેપક્ષે લાગુ પડેછે સરોરૂહ=કમળ અસમ=અસાધારણ. "વિદ્યુત્ વિલાસ સમ" આ વિશેષણ મહેન્દ્ર ભોગનું છે. કાવ્યાત્મદેહ=કાવ્યનું સ્વરૂપ લેઇ રાકા=પૂર્ણિમાની રાત્રી. મધુરસ્મિત શોભિભુમંડ=મધુર હાસ્યથી શોભતું બ્રહ્માંડ. અભિષેક=સિંચન. પર=ધણી તિરસ્કરતી=તિરસ્કાર કરતી મહા પર બ્રહ્મસાથે=બ્રહ્મતો મહા છે પરન્તુ ત્હારે પતિવ્રતાને તે પર અન્ય જેવો છે.

मृतप्रियानोप्रियतम ઇંગ્લંડમાંતો આ કવિની બહુ ઉચ્ચ ગણના થતી નથી અને તેનું કારણ એવું છે જે એની કવિતા મનુષ્યને સમયે નીતિ વિરૂદ્ધ આચારમાં પ્રેરે એવી ભીતિ રહે છે. બાકી 'વર્ડ્ઝ વર્થ' કવિ જેને વાસ્તે ઇંગ્લંડ એટલું બધુ માન ધરાવે છે. તેની ગણના પણ યુરપ આ કવિના જેવી કરતો નથી.

લખાણમાં આ કવિ એવો જોસ્સો ધરાવે છે કે એની કવિત્વ પ્રેરણાનું બળ પ્રબળ હશે એમ સિદ્ધ થાયછે.

"ભર્યાં ઘેન" આ ચરણને બદલે કવિ "If I slumber" દાખલ કરે છે તેનું ભાષાન્તર કરવામા આવ્યું નથી એનો અર્થ એવો છે જે "જો હું જો કાંઇ ખાતો હોઉં તો" એ ઉંઘ નથી પરન્તુ ઘેન છે. "એને ન્હેવું ઘડીએ ગમે ન" આ ચરણ પછી "The tree of knowledge is not that of life" એવું ૫૬

દાખલ કરે છે. ભાષાન્તરમાં તાત્પર્ય માત્ર લાવી એ પદ ઊડાવી દીધું છે. સૈકતરાશિ=રેત્યનો ઢગલો. પેલી પળથી=પ્રિયાના મૃત્યુ કાળની પળથી આ ભાષાન્તરમાં તાત્પર્ય તરફ ધ્યાન રાખી શબ્દશઃઅર્થની બહુ દરકાર રાખી નથી. કર્ત્તવ્ય—ભૂત વિગેરે બોલાવી પ્રિયાની પ્રવૃત્તિ મેળવવી.

પછી સત્વને બોલાવે છે પરન્તુ એમ માલુમ પડે છે જે સત્વોને બહુ ભૂતકાળનું જ્ઞાન હોતું નથી તેથી તેમને રજા આપે છે. ત્યાર પછીના ભાગનું ભાષાન્તર દ્રુતવિલમ્બિત વૃતમાં કર્યું છે.

નિશિસુનેત્ર—આને બદલે કવિ સૂર્યને સંબોધન કરે છે. કારણકે સમય પ્રભાતનો છે; પરન્તુ અમે એપર બહુ દરકાર રાખી નથી. વાંચનારે આ વખતે એમ સમજવું જે નાયક શશીને માત્ર સંભારેજ છે. પ્રયુક્ત=યોજેલા. તમપરાવૃત=અંધકારથી ઢંકાએલ મયૂખ કીર્ણું. શૃંગાન્ત=શિખરની પણ ટોચે તમૌઘમાં=અંધારાના ઓઘમાં.

મૃતપ્રિયાનાપ્રિયતમને—મારા એક કવિતા બનાવનાર મિત્રની સ્ત્રી મરી જતાં આ પત્ર તેને મોકલવામાં આવ્યો હતો. તૃષાથી=અતૃપ્ત રહી માટે. સારે=કાપે. પ્રતિસારે=સામાં પાડીને. આશ્વાસ=દીલાસો. અટ્ટહાસ=ખડખડાટ હસવું.

રાગ—ગઝલ સરસ્વતી ચંદ્રની

શશી અને નિશાનો વિલાસ—રમણાગમન=વલ્લભનું આવવું ભાવ=હાવ ભાવો.

રાગ—જો પિયુ આવે મોહુ મંદિરવા પલકનસે મગ ઝારૂં.એ કલ્યાણ

मुग्धानोपति—અંગાંગે—અનિલ પોતાના પ્રતિઅંગે ગાયનના પ્રતિ અંગને લપેટે છે. વાયુથી શબ્દવહન થાયછે એ કયાં અજાણ્યું છે. વિદગ્ધા=ચતુર. અસુણુ=આંસુ સૃજન્માવર્ત્ત=જન્મનાફેરા.

मानिनीनोपति—સમાન=સર્વને સમાન હકવાળી

રાગ ભૈરવીની ગઝલ.

विलासप्रियपति લુપ્ત=લોપ થયેલી પ્રબંધ=ખેલ. મૂક=મુંગો પ્રશાન્તિ=થાક પ્રસ્વેદ=પસીનો.

રાગ—ખમાચ "દ્રગરસભર મોહે દિલ છાય રહી"

अधीरप्रियतम—પટગત=લૂગડાં સંબંધી, લૂગડાંમાંથી મળતું. બાવી=નશીબ.

રાગ—પીલુ "કહું શું નશીએ દુઃખિઓ કીધો છે."

इन्दु अने इन्दु मुखी રવ=અવાજ હૃષ્ટ=આનંદિત. આરૂઢ ચ્હડેલો. મુજ અભાવ=મ્હારા ન હોવાગાં એટલે એ સર્વ પૃથ્વીપર છે હું આકાશમાં છું તેમની પાસે નથી માટે આર્ત=દુઃખી.

प्रेमकल्पना—પર્યંકમાં=બીછાનાગાં. આ વાંચતી વખતે વાંચનારે "ઇશ્કે અલ્લાહ" અથવા "બધે બ્રહ્મરૂપ બ્રહ્મ પ્રેમ જાણું" એ લીંટીઓ ધ્યાનમાં રાખવી.

રાગ—હરિગીતની લેહમાં.

शीळीचंदा—શાન્ત=થાકીગયેલો વૃંદ=ટોળું. બૂલંદ=ઉંચ. નિષ્કામ પ્રવૃત્તિશ્રી=સ્વાર્થ રહીત વ્યવહાર વિરાગ વિશેષ શાન્તિ=જેવાં વિરાગ વધારે છે એવી શાન્તિ પ્રમત્ત=મ્હોટાં વ્યોમોન્નતિ પંક્તિ=આકાશ જેવો મોટો હોદ્દો.

खालेशदीलબાલ્યે=બાલ્યાવસ્થામાં. યથાબ્ધિ=જેમ સમુદ્ર, ગમન નમનો=છેલ્લા રામ રામ. ભાગ્યાપત્તિ=ભાગ્ય આપત્તિ ભાગ્ય આપત્તિરૂપ બની જાય. "અડગ વૃતને', આ શબ્દો પછીની કવિની બે લીંટીનું ભાષાન્તર તદન જવાજ દીધું છે. રાજ્ય કર

તા=રાજ્ય કરનાર. "કરે કહેવું—વિગેરે" ખરાબ કરે તો પણ સારૂ કહેવું અને ચિત્તને ઠગવું. આ લીટી પછીની આખી ટૂક ભાષાન્તરગાં લીધી નથી. ગણનીય=ગણનામાં આવે એવો.

प्रवृत्तिमांप्रेमशो—કવિગત ઇન્દુ=સ્ત્રીનું મુખ, નમે=હારખાય. ઉરગત ઈન્દુ=આત્મા.

विरागनोस्वीकार—વિહીન=વિનાનો. આનંદ ઉર્મિઓ=આનંદ રૂપી મોજાં સાયુજ્ય=ઇશ્વરસ્વરૂપમાં ભળી જવાય એવી.

इन्दुपरदयाभाव-ઉદયે ક્ષયે ચ્હડી–ચંદ્રમાની કળા ચ્હડતી ચ્હડહતીશુકલ પક્ષમાં ઉદય પામે છે તેમ કૃષ્ણ પક્ષમાં એથી ઊલટુંજ થાય છે. એવું એક વૃત છે જેમાં માણુસ કોળિએ ચ્હડે છે તથા કોળિએ ઊતરે છે (ખાવામાં). તેમ તું આવું વૃતધારી શા વાસ્તે ત્હારા શરીરને દુઃખ દેછે ઉદધિના કર તે મોજાં. પરિવર્ત=ગોળફરવું.

બળે=બળાત્કારે

परतंत्रता=આ પદ શિવાજીનું નાટક લખતાં નીકળી આવ્યું. નાટક તો કાર્યબંધથી અપૂર્ણ રહ્યું અને પૂરૂં લખવાવારો હજુ નથી આવ્યો પરન્તુ આ પદ વાંચનારની રજુ મૂકું છું, જો એ એમનેરૂચશે તો નાટક પૂર્ણ કરી સેવામાં રજુ કરીશ. આ પદ તે શિવાજીના સૈન્યની ઉક્તિ છે.

યવન=મુસલમાન.

चंदानेएकप्रश्न. તિય=સ્ત્રી, પિય=પિયુ;

રાગ "ઇતિહાસની આરસી" એવી ઢપે પણ ગવાશે.

मदनबाधा. બાધા=વેદના. કામના આવેશ વાળું બોલનારનું ચિત્ત છે એટલે તે દરેક વસ્તુમાં સ્ત્રીનું પ્રતિબિમ્બ જુએ છે. આટલા પ્રસ્તાવથી અર્થ સ્પષ્ટ જણાય એવોજ છે.

कोयलडी 'તું તો ચાલ્યો જાને મુરખ ગમાર ત્હારે મ્હારે શી પડી' એવા મીરાં બાઇના એક પદબંધ મુજબ આ પદબંધ પણ ગવાય છે,

---

શુદ્ધિપત્ર.

અશુદ્ધ.	શુદ્ધ.	પાનું.	લીટી.
સાવે	સાથે	૯	૪
ગત	ગતમાં	૧૦	૧૫
અશ્ર	અશ્રુ	૧૨	૮
છોડીદ	છોડીદે	,,	૯
પ્રમથી	પ્રેમથી	૧૪	૭
મૃગી	મૃગી	૧૯	૭
શતધા	શતધા	૨૦	૧૯
તાજી	તજિ	૨૧	૬
રામિ	રમિ	૨૩	૧૪
કહે	કહે	,,	૧૬
ત	તે	૨૫	૧
એનેક	અનેક	૨૬	૧૧
ભવિપ	ભવિષ	,,	૧૭
શશિ!	શશી!	,,	૨૦
–દડીભુત	દ્રડીભૂત	૨૭	૫
–હે	-હે	,,	૬
ગઈ	લઇ	,,	૧૩
શશા	શશી	૨૮	૯
મરત	મસ્ત	,,	૧૦
વિ વિધ	વિધવિધ	,,	૧૧
ઉનંગી	ઉમંગી	,,	૧૬
પ્રમ	પ્રેમ	,,	૨૦
માધૂરી	મધૂરી	૩૦	૧
ઠેઠ	હઠે	૩૦	૬
રમૃતિ	સ્મૃતિ	,,	૧૮
ડહોળી	ડુહોળી	,,	૨૦
મરિત	મસ્તિ	૩૧	૭
પ્રમ	પ્રેમ	૩૩	૧૩
કહેશે	કહેશે	૩૭	૮
પ્રીતિ	પ્રીતિ	,,	૯
એ મહિ	એમહિં	૩૯	૧૦

આપળે	આ પળે	૪૦	૧૧
ભેટવામથી	ભેટવા મથી	,,	૧૬
પરિવર્તલે	પરિવર્ત લે	,,	૧૭
બળે	બળેં	,,	૧૮
નીંદય	નીંધ	૪૧	૪
ધાવકારી	ધાવ કારી	૪૧	૮
રહેવું	રહેવું	,,	૧૫
થકી	થકિ	૪૨	૧૪
થકી	થકિ	,,	૧૫
વશહા	વશ હા	,,	૧૮
કૃતાર્થ	કૃતાર્થ	,,	૨૧
સિંહો	સિંહો	૪૩	૪
કહેછે	કહેછે	,,	૮
કદી	કદિ	,,	,,
પ્રભુ ઇચ્છાના	પ્રભુઇચ્છા ના	,,	૧૧
થાત્ર	માત્ર	૪૩	૨૨
નીદ્રા	નિદ્રા	૪૪	૧૨
પ્રફુલ્લ	પ્રફુલ્લ	૪૪	૨૧
નીદ્રા	નિદ્રા	૪૫	૧૩
પ્રમ	પ્રેમ	૪૬	૧૭
ટવે	હવે	૪૭	૧૩
પરતત્ર	પરતંત્ર	૪૮	૧
શાર્ણકોઇ	શાર્ણ કોઇ	,,	૧૫
ચક્ષવિધિ	ચક્ષવિધિ	૪૯	૫
ધનાંકમાં	ધનાંકમાં	૫૦	૧૭
રચકણ	રજકણ	૫૨	,,
નિબિંડ	નિબિડ	૫૩	૧૯
નેત્રવલોક	નેત્રાવલોક	૫૪	૧૬
કઇ	કંઇ	,,	૨૦
જો કાંઈ	ઓકાં	૫૫	૨૦
ઉંધ	ઉંધ	,,	,,
તમોધમાં	તમૈધમાં	૫૬	૧૩
ઓધમાં	ઓધમાં	,,	,,

આ પુસ્તક રોકડી કિંમતે મળશે.

અમદાવાદ—રા. રા. માધવજી રતનજી હાંસ્કુલના મેને-
લાજી સાહેબ મારફત.

ભાવનગર—રા. રા. ભીમજી વિ. લક્ષ્મીરામ દવે. તાલુકા
સ્કુલના પ્રથમ આસિસ્ટંટ મારફત.

મુંબઈ—રા. રા. ગાંધી વીરચંદ વિ. રાઘવજી, બી. એ. શ્રી
જૈન એસોસિએશન સભાના કાર્યભારી મારફત.

કિં. રૂ. ૦-૧૨-૦